Rs. 5/-

શ્રી સ્વામિનારાયણ

March 2009

સર્વોપરિ શ્રી નરનારાયણ દેવનો પાટોત્સવ મહાભિષેક અને અન્નકૂટ દર્શન

પ્રકાશકઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧



મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિર વસંત પંચમીના સમૈયા પ્રસંગે
ત-હરિભક્તો સાથે રંગોત્સવે રમતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી
અને પૂ.લાલજી મહારાજશ્રી



ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં કચ્છના સંત હરિભક્તો સાથે
રંગોત્સવે રમતા પ.પૂ. મોટા મહારાજશ્રી




શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજનો
પાટોત્સવ અભિષેક કરતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી



જમીયતપુરા પ્ર.ભા. હનુમાનજી મંદિરમાં પ.પૂ. મોટા મહારાજશ્રીની
પાવન પધરામણી



મોખાસણ ગામે પ.ભ. સોમાભાઇ પટેલ પરિવાર દ્વારા આયોજીત પારાયણ
પ્રસંગે વ્યાસપીઠની આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, વક્તા સંત
શા.સ્વામી. રામકૃષ્ણ દાસજી અને કોઠારી જે.કે.સ્વામી



સંસ્થાપક

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
www.swaminarayanmuseum.com

ફોન

૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
www.swaminarayan.info
એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - 2 | અંક : 23 | માર્ચ-2009

અનુક્રમણિકા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	પુષ્પ દોલોત્સવ	૫
૪.	તપ્તમુદ્રાનો ઈતિહાસ તથા મહિમા	૬
૫.	કાંકરિયાની પાળે શ્રીજી મહારાજ	૮
૬.	આદિ આચાર્ય પ.પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી	૯
૭.	શિક્ષાપત્રી ભાષ્યની કથામાં મોટા મહારાજશ્રીનો અમૂલ્ય ઉપદેશ	૧૦
૮.	દિયર-ભાભીનું હેત	૧૧
૯.	મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ શ્રી સ્વામિનારાયણ મંદિર, મહેસાણા	૧૨
૧૦.	સત્સંગ બાલવાટિકા	૨૧
૧૧.	ભક્તિસુધા	૨૩
૧૨.	પ્રશ્નપેટી	૨૮
૧૩.	સત્સંગ સમાચાર	૨૯

: સંપાદક, મુદ્રક અને પ્રકાશક :

મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે
શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

સમર્પણીયમ્

માર્ચ મહિનો એટલે નાણાકીય વર્ષના અંતનો મહિનો, હિસાબનો મહિનો, શ્રીહરિના વચનોને યાદ કરીએ તો મહારાજ કહેતા કે જેમ વેપારી પોતાના વેપારનો હિસાબ રાખે કે આ વર્ષે મારે આટલી આવક થઈ અને આટલી જાવક થઈ. જો આવક વધે તો રાજી થાય અને સંસાર પણ એમ માને કે આ હોંશિયાર વેપારી છે કે એની આવક વર્ષોવર્ષ વધતી રહે છે અને વેપારી પણ રાજી થાય કે પ્રભુ કૃપાથી આપણો વેપાર પણ સારો ચાલે છે અને સંતોષ માને પણ જો આવક કરતા જાવક વધી જાય કે ગત વર્ષ કરતા આ વર્ષમાં આવક ઘટી જાય તો બીજા પણ નિંદા કરે ને પોતાને પણ ચિંતા થાય અને ઉંઘ ઉડી જાય અને મનમાં વિચાર કરે કે હવેથી કલાક સુધી વધુ ઉજાગરો કરીને પણ આવું ફરી થવા દેવું નથી ને મારી આવક ગમે તે ભોગે ગમે તેવી મહેનત-ઉજાગરા કરીને વધારવી છે. જેમ સંસારી વેપારીને ધનની આવક ને ધનની જાવક છે તેવી ભક્તને પણ જેટલી ભક્તિ સત્સંગ અને અને સેવા થાય તેટલી આવક માનવી અને જેટલો ભક્તિ સેવા કે સત્સંગ થઈ શકે એવો સુયોગ હોય ને તો પણ ભગવાનને ગૌણ કરી-ભૂલીને સંસારના કાર્યમાં તન, મન પ્રવૃત થાય તેને જાવક ગણવી અને તે રીતે ભગવાનના ભક્તે પોતાનો હિસાબ રાખવો કે જે દિનથી મને ભગવાન મળ્યા કે હું સત્સંગમાં આવ્યો ત્યારથી આરંભીને આજ દિન સુધીમા શું સત્સંગમાં મારે વધારો થયો છે ? મારી ભક્તિ, સત્સંગ, સેવા, નિયમ, નિશ્ચય, પક્ષ મજબુત થયા કે વધ્યા છે કે પછી હતું તેમનું તેમ જ છે ? જો વધ્યા હોય કે મજબુત થયા હોય તો તો ઠીક પણ જ્યારથી સત્સંગમાં આવ્યા ત્યારથી હજી એમનું એમ હોય તો કંઈક વિચાર કરવો અને હોંશિયાર વેપારીની જેમ વિચાર કરી સત્સંગમાં, ભક્તિમાં, સમજણમાં વિશેષ વધારો થાય તેવા યત્ન કરવા. ગમે એટલા વર્ષો સુધી સત્સંગ કર્યા કરીએ પણ કંઈ આગળ ન વધીએ તો તો કરેલો સત્સંગ નકામો તો ન ગણીએ પણ નિષ્ફળ તો જરૂર ને જરૂર ગણાય.

ઉત્સવોના ભગવાન એટલે આપણા પ્રભુ શ્રી સ્વામિનારાયણ પ્રભુ. સર્વાવતારી શ્રીહરિ આપણા સૌના કલ્યાણ માટે મુક્તો સાથે આ લોકમાં ચૈત્ર સુદી-૯ ના શુભ દિને પધાર્યા. પરમાત્માના પ્રાગટ્યથી જાણે સર્વજીવ પ્રાણીમાત્રના બંધનો ટળ્યાને મુક્તિનો માર્ગ પ્રશસ્ત થયો. એ મહાપ્રભુને આગામી રામનવમીના રોજ ૨૨૮ વર્ષ પૂર્ણ થશે એ નિમિત્તે પરંપરાગત રામનવમીનો સમૈયો ખૂબ ધામધૂમથી અમદાવાદ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં ઉજવાશે તો તેનો પણ આપ સૌ શ્રધ્ધાપૂર્વક અવશ્ય લાભ લેવા પધારશો. વળી જે ઉત્સવની આપણે આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છીએ તે આપણો "ધર્મકુળ વંદના મહોત્સવ" દિવસે દિવસે નજીક આવતો જાય છે. જેની તૈયારીઓ ધામધૂમ પૂર્વક થઈ રહી છે. જેમાં સમગ્ર સત્સંગ સમાજ તન, મન, ધનથી જોડાઈ જવાનો આ અવસર આપણને મળ્યો છે. તો તેમાં પણ સહભાગી થઈ આપમે ધન્ય ધન્ય થઈએ.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ફેબ્રુઆરી - ૨૦૦૯)



૧. કણભા ગુરુકુળમાં પધરામણી.
સોજા ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દીપ પ્રાગટ્ય પ્રસંગે પધરામણી.
ગવાડા ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨. પ.ભ. હિરેન પ્રાગજીભાઈ કાથરોટીયાને ત્યાં ઓફિસના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, ઠક્કરબાપાનગર.
પ.ભ. નાથાભાઈ છગનભાઈ કેવડીયાને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, બાપુનગર.

૩. શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રીનગર કલોલ પાટોત્સવ પ્રસંગે પધરામણી.
ઈશ્વરપુરા (બદપુરા) ગામે પધરામણી.

૪. શ્રી મંગળસિંહ વનુભાઈ પરમારના નવા મકાનમાં અને સહજાનંદ વોચ કું.માં પધરામણી, ખોડીયારનગર.

૫. શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. રમણભાઈ બબલદાસ ગજ્જરના જયસ્કેન ગ્રાફીક્સમાં પધરામણી, બારડોલપુરા.

૬. મોખાસણ ગામે પ.ભ. સોમાભાઈ ત્રિભોવનદાસ પટેલ તરફથી પાટોત્સવ પ્રસંગે આયોજીત પારાયણ પ્રસંગે પધરામણી.
ભીમપુરા શ્રી સ્વામિનારાયણ મંદિરના પ્રથમ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૭. વાસણા અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.
મોખાસણ શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ અને પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.

૮. શ્રી સ્વામિનારાયણ મંદિર પાટડી પાટોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. બંસીલાલ ગજ્જર તરફથી આયોજીત 'ગંગાપૂજન' પ્રસંગે પધરામણી, નારાયણઘાટ મંદિર

૯. પ.ભ. ચંદુભાઈ આત્મારામદાસ પટેલને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, કલોલ.
'શ્રીજી મોબાઈલ' દુકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, કલોલ.

૧૦. મહેસાણા શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે આયોજીત શોભાયાત્રા પ્રસંગે પધરામણી.

૧૧. શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા યજ્ઞ અને પારાયણની પૂર્ણાહુતિ અને મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પોતાના વરદ્‌ હસ્તે ધામધૂમથી સંપન્ન થઈ.

૧૨. પ.ભ. ડૉ. જી.કે. પટેલને ત્યાં પધરામણી, મીઠાખળી.

૧૩. રાજપુર (તા. કડી) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પોતાના વરદ્‌ હસ્તે સંપન્ન થઈ.
પ.ભ. પરેશભાઈ જીતેન્દ્રભાઈ ભટ્ટને ત્યાં પધરામણી, વટવા.

૧૪. નારાયણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ અભિષેક પોતાના વરદ્‌ હસ્તે સંપન્ન થયો.
કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિર વિજય સ્થંભ સ્થાપના પ્રસંગે પધરામણી.
નારાયણઘાટ મંદિર પ્રાસંગિક સભામાં પધાર્યા.
રાત્રે : શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય જેતલપુરવાડીના વિદ્યાર્થી સંતો દ્વારા આયોજીત સાંસ્કૃતિક કાર્યક્રમ પોતાની અધ્યક્ષતામાં યોજાયો, ટાઉનહોલ.

૧૫. બાવળા ગામે પ.ભ. જયંતીભાઈ કાનજીભાઈના નરનારાયણ ટ્રેડીંગ કું.માં પધરામણી.
વિહારશ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. બાબુભાઈ કરશનદાસ પટેલને ત્યાં પધરામણી સાયન્સ સીટી - સોલા.

૧૬. શ્રી સ્વામિનારાયણ મંદિર ભવપુરા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. સતીષભાઈ કનૈયાલાલ શેઠને ત્યાં પધરામણી, ઈશનપુર.
૧૭. શ્રી સ્વામિનારાયણ મંદિર બાકરોલ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૮. શહેરા (પંચ મહાલ) શ્રી સ્વામિનારાયણ મંદિર દશાબ્દી પાટોત્સવ મહોત્સવ પ્રસંગે પધરામણી.
૧૯. શ્રી સ્વામિનારાયણ મંદિર માધવગઢ (તા. પ્રાંતીજ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. શરદભાઈ ગોવિંદભાઈ પટેલને ત્યાં આશીર્વાદ આપવા પ્રસંગે પધરામણી, રાજપથ ક્લબ.
૨૦. પ.ભ. કિલ્લોલભાઈ વિનોદભાઈ શેલતને ત્યાં પધરામણી, પરિમલ ગાર્ડન - એલીજબ્રીજ.
૨૩. ચરાડવા શ્રી સ્વામિનારાયણ મંદિર પારાયણ પ્રસંગે પધરામણી.
૨૪. ઓળા (તા. કલોલ) ગામે પારાયણ પ્રસંગે પધરામણી.
વડુ ગામે "ધર્મકુળ વંદના" મહોત્સવ પ્રસંગે આયોજીત સભા પ્રસંગે પધરામણી.
૨૫. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા પારાયણ પ્રારંભ પ્રસંગે પધરામણી. સાંજે માંડવી (કચ્છ) પધરામણી.
૨૬. થી ૨૭. માંડવી (કચ્છ) શ્રી સ્વામિનારાયણ મંદિર સાર્ધ શતાબ્દી મહોત્સવ પ્રસંગે આયોજીત શોભાયાત્રા અને ઠાકોરજીનો પાટોત્સવ મહોત્સવ પોતાના વરદ્ હસ્તે વેદ વિધિસર ધામધૂમથી ઉજવાયા.
૨૮. સર્વોપરિ શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ મહાભિષેક વેદવિધિસર ષોડશોપચારપૂર્વક પોતાના વદહ્ હસ્તે ધામધૂમથી સંપન્ન થયો.
શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા શોભાયાત્રા પ્રસંગે પધાર્યા.

શ્રી સ્વામિનારાયણ માસિક પ્રકાશનની માલિકી અંગેની માહિતી જે નિયમાનુસાર દર વરસે ફેબ્રુઆરી માસની છેલ્લી તારીખ પછી પ્રગટ થનાર પ્રથમ અંકમાં જાહેર કરવાની રહે છે.

FROM-IV (SEE RULE : 8)

૧. પ્રકાશન સ્થળ	:	શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧
૨. પ્રકાશન સમય	:	માસિક દર મહિને
૩. મુદ્રકનું નામ	:	મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી
રાષ્ટ્રીયતા	:	હિન્દી
સરનામું	:	શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧.
૪. તંત્રીનું નામ	:	મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી
રાષ્ટ્રીયતા	:	હિન્દી
સરનામું	:	શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧.
૫. માલિક	:	**શ્રી નરનારાયણ દેવની ગાદીના અધિપતિ પ.પૂ.ધ.ધુ.**
(સંસ્થાપક)		**આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**
રાષ્ટ્રીયતા	:	હિન્દી
સરનામું	:	શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧.

હું શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી આથી જાહેર કરું છું કે ઉપર બતાવેલી બાબતો મારી જાણ અને સમજ મુજબ સાચી છે.

સહી : શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, મહંત સ્વામી
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧
(પ્રકાશકની સહી)

પુષ્પ દોલોત્સવ

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ જીયતપુરા (મહંત સ્વામી, માણસા)

ફાગણ આવ્યો ને શું શું લાવ્યો ?

"વસંતના વધામણા લાવ્યો, ફુલોનો ખિલખિલાટ લાવ્યો. વિવિધ પાક પકવતો આવ્યો, ને પંખીના કિલકિલાટ લાવ્યો. ગુલાબભરી પિચકારી લાવ્યો, નાચ નચવતા ગવૈયા લાવ્યો. ભક્તિ છલકતા ભક્તો જોતો ફાલ્યો ફૂલ્યો ફાગણ આવ્યો."

ધર્મ ભક્તિની આકરી તપશ્ચર્યાથી પ્રસન્ન થઈને શ્રી નરનારાયણદેવ શ્રી પુર મધ્યે સાભ્રમતી નદી તટે નારાયણઘાટ પ્રત્યે સાક્ષાત પ્રગટ થયા ત્યારે હજારો દેવો-ભક્તોના હૈયા ઘેલા બની નાચી ઊઠ્યા. પ્રભુને સોના-રૂપાના પારણે ઝુલાવવા આતુર બની ગયા. પરંતુ શ્રી નરનારાયણદેવે ઋષિ રૂપ ધારણ કર્યું હોવાથી કળીમય સુવર્ણમાં અરૂચિ બતાવતા ભક્તોએ કુદરતી બક્ષીસો વડે પ્રભુને વધાવવા વિચાર કર્યો અને ફાગણે પૂર બહારમાં ખીલવેલા ફુલડાઓ ચૂંટવા માંડ્યા નિષ્ણાંત કસબીઓએ કલા સૂજનો કોઠો ખંખેરી ફુલોનો અદ્‌ભુત હિંડોળો રચીને માહી પ્રભુને પધરાવ્યા અને શરૂ થયો "પુષ્પ દોલોત્સવ" (નરનારાયણ જયંતી) ભક્તોની સમય સૂચકતા ભરી પ્રેમ દોરે ઝૂલતા હરિવરે રંગભરી પિચકારીયોથી ભાવિક હૈયાંઓને એવા તો ભીંજવવા લાગ્યા કે યુવા વિતવા છતા આજ પર્યન્ત નથી એ ફૂલ સુકાયા કે નથી પિચકારીના રંગ ઝાંખા થયા ! હરિકૃપાની રેલમ-છેલમાં કોડે-કોડે ભીંજાતા રહી ભક્તિ રસ માણતા રહ્યાં છે.

ભગવાન સ્વામિનારાયણે સ્વ-સ્વરૂપની સર્વોપરિતા નીચોવી જ્ઞાન-વૈરાગ્ય સભર ભક્તિને બહુમૂલા શણગારોથી સજાવી ઉપર મર્યાદાની ચૂંદડી ઓઢાડી સ્વરૂપ નિષ્ઠાના કંદોરા અને નૂપર બંધાવી તેને આત્મનિષ્ઠાના પેચ વડે એવી તો શીલ કરી દીધી જેથી ભગવાન માટે ઉદ્‌ભવેલો પ્રેમ પ્રવાહ જગતના અન્ય કોઈ ઢાળામાં ઢળી ન જતા કેવળ પ્રભુ પ્રત્યે જ વહ્યાં કરે. સારંગપુરમાં રાઠોડ ધાંધલને ત્યાં ફળિયામાં, તો ક્યારેક પંચાળામાં જીણાભાઈના દરબારમાં, ક્યારેક ગઢપૂરની ફૂંજગલીમાં ને બહુધા તો અમદાવાદ મંદિરના ચોકમાં તથા વડતાલના જ્ઞાનબાગમાં રંગભેર હોળી ખેલીને સંતો-ભક્તોને સુખ આપી આનંદની હેલી ચડાવતા ને પછી રંગભીનો વાલીડો નદી તળાવે નાહવા પધારતા. વળી પાછા ત્યાં જળક્રીડા કરી મનમોહન અનેકોના મનડા હરિ લેતા. પછી ખોબે ખોબે ખજૂર-ધાણીના ફગવા આપી ભક્તોને ન્યાલ કરતા, પરંતુ આટલામાં તૃપ્તિ માની લે તો એ ખેલૈયા ખમીરવંતા શાના ? ન્યાલકરણને લૂંટવા આવેલા દિવ્ય સુખના લૂંટારાઓ હરિવરને પૂરેપૂરા વશ કરી ખંખેરવા ખોંખારો ખાઈને માગતા હે...


"મહા બળવંત માયા તમારી, જેને આવરીયા નરનારી. એવું વરદાન દીજીયે આપે, યેહ માયા અમને ન વ્યાપે." હે પ્રભુ આપની કોઈ ક્રિયામાં કદી મનુષ્ય ભાવ ન આવે, અમોને દેહાભિમાન વ્યાપે નહિ, ધન આદિક પદાર્થમાં લોભાઈએ નહિ. કામ-ક્રોધાદિક પ્રકૃતિઓથી છેતરાઈયે નહિ, કુસંગ આપને વિસરાવે નહિ, કાળ-કર્મમાં બંધાઈએ નહિ, જગત સુખમાં અંજાઈને આપની ગૌણતા થવા દઈએ નહિ આપના ભક્તોનો વિયોગ કદાપિ દેશો નહિ. આપને આશરે નિર્ભય છીએ તો જીવન ભર નિશ્ચિત રાખજો. આજ હોળીના ફગવા રૂપે આટલું અભયદાન જરૂર આપજો..... જે સાંભળી પીગળી ગયેલા પ્રભુ સ્વેચ્છાએ એક એક શણગાર ઉતારી ઉતારીને માંડ્યા લૂંટાવા, ઉતારીને છેવટે વાલો કહે ભજતાને ભજે નહિ તે, ગુરુદ્રોહી વચન દ્રોહીને તમ જેવા ભક્તોને ભજી ભજીને સ્મરણ કરવામાં રાતદહાડાની દિન કઠણી કરૂ છું. પણ આજથી તો હે ભક્તો તમ કાજે હું થયો કુરબાન.

"પોતે તપ કરી રે (૨) આપે ફળ સોય,
બદ્રીપતિ પ્રબળ પ્રતાપ છે....."

તપ્તમુદ્રાનો ઈતિહાસ તથા મહિમા

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

ચતુર્ભુજ સ્વરૂપે ભગવાન પોતાના ચાર હાથમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મને ધારણ કરે છે. આ ચાર મુદ્રાઓને જયારે તપાવવામાં આવે છે ત્યારે તે તપ્તમુદ્રા કહેવાય છે. ભક્ત જયારે પોતાના બન્ને બાહુ પર શંખ, ચક્ર, ગદા, પદ્મની તપ્તમુદ્રાને તેના બન્ને ધારણ કરે છે ત્યારે બાહુ પર શંખ, ચક્ર, ગદા અને પદ્મની છાપ કાયમ માટે અંકિત થઈ જાય છે. જેને છાપ લીધી એવું કહેવામાં આવે છે. જેમ કંઠી, તિલક-ચાંદલો અને ગુરુમંત્ર ભક્તના ચિન્હો છે. તેમ 'છાપ' પણ ભક્તની ઓળખાણ છે. ચિન્હ છે.





પ્રથમ તો આ છાપ દ્વારિકા તીર્થમાં જ મળતી. જેના માટે ઘણું કષ્ટ સહન કરવું પડતું. કોઈ ગરીબ કે સાધુ હોય તેને પણ પૈસા નહી. વડતાલ, તીર્થોનું હોવાથી તે ભગવાનની છાપ લેવી ઘણી સરળ છે. ક્યાંય કોઈ ધનની માંગણી કરતું નથી. છાપ લઈએ તે નિમિત્તે સ્વેચ્છાએ થાળ-ભેટ વગેરે સેવા કરીએ તે વસ્તુ અલગ છે.



દ્વારિકામાં જે રણછોડરાયજી દ્વારિકાધીશ શ્રીકૃષ્ણ છે તે જ વડતાલમાં શ્રી લક્ષ્મીનારાયણદેવ તથા દ્વારિકાધીશ રણછોડરાયજી સ્વરૂપે દર્શન આપે છે. શ્રીહરિએ પોતાના સંબંધીજનોને નંદરામ, ગોપાલ તથા મનસારામ આદિક અયોધ્યાવાસીને દ્વારિકાની યાત્રા કરીને જ પછી પોતાના પુર જવાની આજ્ઞા કરી. શ્રીહરિ કહે, ઉદ્ધવ સંપ્રદાયના આશ્રિત જનોએ દ્વારિકાની યાત્રા કરવી જોઈએ. તે દ્વારિકામાં શ્રીમાન દ્વારિકાપતિ શ્રીકૃષ્ણનું દર્શન કરવું જોઈએ અને ગોમતીના જળમાં સ્નાન કરવું જોઈએ તથા ભગવાનના ચક્ર આદિ આયુધો વડે પોતાના બે બાહુઓમાં અંકન કરાવવું (છાપો લેવી) જોઈએ.

સાથે ભોમિયા તરીકે સચ્ચિદાનંદ સ્વામીનું નક્કી થયું. જૂની દ્વારિકામાં ગોમતી તીર્થને પામીને નંદરામાદિ ગૃહસ્થે ગૂગળી બ્રાહ્મણોને તેમની ઈચ્છા અનુસારે દ્રવ્ય આપીને આદરપૂર્વક સ્નાન કર્યું. નિષ્કિંચન સાધુપુરુષને કોઈપણ તીર્થોમાં પ્રતિબંધ ન હોય એમ વિચારીને તેઓએ સચ્ચિદાનંદ મુનિને કંઈ પૂછયું નહિ. ફક્ત તપ્તમુદ્રા વિશે લખવું છે. તેથી આ પ્રસંગ વિશેષ નહિ લખતા, અતિ સંક્ષિપ્તમાં લખું છું. સચ્ચિદાનંદ મુનિને પૈસા વિના ગોમતી સ્નાન થઈ શકયુ નહિ. તીર્થના દર્શન કરીને સ્વામી સમાધિમાં ઉતરી ગયા. અયોધ્યાવાસી સ્વામીથી છૂટા પડ્યા. સ્વામીને ગોમતીતટે ત્રણ દિસ ઉપવાસ થયા. ત્યાંથી તેઓ આરાવણ ગામે ગયા. તે ગામમાં પણ સ્વામીએ જોયું કે તપ્તમુદ્રાની પ્રાપ્તિ માટે નિર્ધન તથા સુધાપીડિત જનો રૂદન કરતા હતા. તપ્તમુદ્રાના અધિકારીઓ ધનપ્રાપ્તિના લોભે વૃધ્ધો, બાળકો, સ્ત્રીઓ તથા કેટલાક બ્રાહ્મણો અને સાધુઓને પણ ખૂબ પીડા કરતા હતા. ધન વિના કોઈનો પણ ત્યાં મેળ પડતો નહોતો. લોકોને અન્ન વિના ઉપવાસ થતા હતા. તે ગામના





બીજા તપ્તમુદ્રા ઈચ્છાથી ધનરહિત અતિશય તિરસ્કાર મરવા જનો પણ વાની સોગંદ ખાતા જનાને ગાળો આપીને કરતા હતા. પડેલા શરીરોવાળા, ઉપવાસી કેટલાક વૈરાગીઓ સાધુઓને ધન વગરના જાણીને દ્રવ્યની ઈચ્છાના ભંગથી થયેલા

ક્રોધથી તપ્તમુદ્રાના અધિકારીઓએ ખૂબ તપાવેલી તપ્તમુદ્રા વડે નિર્દયપણે બહુ ભાર દેવા પૂર્વક દઝાડતા જોઈને સચ્ચિદાનંદ મુનિ દયા આવવાથી કંપી ગયા.

સચ્ચિદાનંદ સ્વામીએ અધિકારીઓને વિનંતી કરી કે હે કૃષ્ણ ભક્તો ! આજે મને તપ્તમુદ્રાથી ચિન્હિત કરો. અધિકારીઓએ સ્વામીને પણ ધન રહિત હોવાથી બળદ, ખળ, ધુતારા વગેરે શબ્દોથી તિરસ્કાર કર્યો અને છાપ આપી નહીં. સ્વામી લાંધણ ચોરે બેસીને બધું દ્રશ્ય જોઈને તે ગામને જમપુરીથી પણ અધિક જાણતા હતા.

સ્વામીએ જોયું કે અહીં તો ભગવાનના આયુધોનું ચિન્હ કેવળ દ્રવ્ય સાધ્ય છે. ત્યાં ત્રણ દિવસ ઉપવાસ કરીને સ્વામી ત્યાંથી શંખોદ્ધાર તીર્થ ગયા. ત્યાં પણ સ્વામીને ધન વિના શ્રીકૃષ્ણનું દર્શન થઈ શક્યું નહિ. ઉલ્ટું કેટલાક જનો સ્વામીને શઠ, ધુતારો કહીને તિરસ્કાર કરતા હતા. દ્રવ્ય આપી આપીને સ્ત્રી પુરુષોમાં પરસ્પર ભીડથી અનાચાર થતો હતો. શ્રીકૃષ્ણનું દર્શન કરવાની શ્રીહરિની આજ્ઞા હતી તેથી છેવટે સ્વામી અન્નજળનો ત્યાગ કરીને ચાર દિવસ સુધી શ્રીકૃષ્ણનું સમાધિમાં દર્શન કરતા સતા પાંચમાં દિવસે શ્રીકૃષ્ણનું પ્રત્યક્ષ દર્શન પામ્યા. વિજયા એકાદશીની રાત્રિનો એ ચોથો પ્રહર હતો. શ્રીકૃષ્ણે શંખ ચક્રનો ત્યાગ કરીને અત્યંત હર્ષપૂર્વક સ્વામીને ઊંચા કરીને આલિંગન કર્યું. મુનિના મસ્તક, ખભા અને વક્ષઃ સ્થળમાં હાથ ફેરવી ને વરદાન માંગવા કહ્યું.

સ્વામીએ સર્વે વૃતાંત કહીને કહ્યું કે હે પ્રભો ! તમારા ચરણ કમળમાં ચિત્ત વાળા ઉદ્ધવ સંપ્રદાયના સાધુજનોને જે પ્રકારે તમારા દર્શન થાય તેવી રીતે તમો કૃપા કરીને કરો. શ્રીકૃષ્ણે પ્રસન્ન થઈને કહ્યું. વડતાલમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવની જે મૂર્તિ છે તેમાં આવીને હું મારા દર્શન આપીશ. અહીંયા દ્વારિકાની જેમ જ વડતાલમાં શ્રી લક્ષ્મીનારાયણના નામથી મારું દર્શન સર્વેજનો ને થશે. હું જે સ્થળે વાસ કરું છું ત્યાંજ મારી મૂર્તિ વસે છે. હે મુને ! તમો આજે જ જાઓ. હું તમારી સાથે આવું છું. શ્રીહરિની ઈચ્છાથી મુનિ તથા અયોધ્યાવાસી બારસના દિવસે ગોમતી તટે ભેગા થયા. ગઢપુર પાછા ફરતા તેઓએ માર્ગમાં જ્યાં જ્યાં રાત્રિ નિવાસ કર્યો ત્યાં ત્યાં રાત્રે સ્વપ્રમાં દ્વારિકાથી પોતાની સાથે આવતા લક્ષ્મીએ સહિત સાક્ષાત્ દ્વારિકાધીશ શ્રીકૃષ્ણને તેઓ દેખતા હતા. ગઢપુર આવીને સર્વ વૃત્તાંત કહ્યું.

ગઢપુરમાં શ્રીહરિએ ગોમતીને ઘેલામાં ઉતારો આપ્યો અને છાપો વગેરેને લક્ષ્મીવાડીએ ઉતારો આપ્યો અને રણછોડજી વાસુદેવનારાયણના ઓરડે પધાર્યા. ત્યાર પછી વડતાલ ફૂલડોલ પ્રસંગે શ્રીહરિની ઈચ્છાથી સર્વ કોઈ સંતોએ પણ વડતાલ જઈ રહેલા લક્ષ્મીજીએ સહિત દ્વારિકેશ્વર શ્રીકૃષ્ણને સ્વપ્રમાં જોયા. વડતાલમાં ગૃહસ્થોને પણ એ મુજબ દર્શન થયું.


જ્યારે દયા નિધિ ભગવાન દ્વારિકાધીશ વડતાલ પધાર્યા ત્યારે વડતાલપુર રૂપે દ્વારિકા સાક્ષાત્ ત્યાં આવીને રહી. ગોમતીજી સરોવરરૂપે આવીને રહ્યા. ગંગાદિ તીર્થમંડળ પણ તળાવરૂપવાળી ગોમતીમાં રહ્યાં. દ્વારિકાનાથે શ્રી સહજાનંદ સ્વામીને સ્વપ્રમાં કહ્યું કે, હું આ વૃતાલયપુરમાં આવી ગયો છું એ હેતુ માટે અહીંયા વડતાલમાં તમો તપાવેલા મારા શંખ ચક્રાદિ આયુધો વડે સર્વ ભક્તોને શીઘ્ર અંકિત કરો. સહજાનંદ સ્વામી પ્રભાતે ઉઠીને પોતાના ભક્તજનોને તપ્ત મુદ્રાઓ વડે ચિન્હિત કરાવતા હતા. ત્યાગીજનોએ પણ શ્રી લક્ષ્મીનારાયણદેવ દ્વારિકાનાથનું દર્શન કરી, ગોમતી સરોવરમાં સ્નાન કરી, તપ્ત મુદ્રા લીધી.

શ્રીહરિએ વડતાલની ધારુ તલાવડીને ગોમતી સરોવરની સંજ્ઞા આપી અને કહ્યું કે સચ્ચિદાનંદ સ્વામી સાથે ગોમતી તથા છાપો આવી છે તે છાપો એક સ્વરૂપે અહીં રહેશે અને બીજા સ્વરૂપે અમદાવાદ શ્રી નરનારાયણદેવના મંદિરમાં રહેશે. શ્રીહરિએ વડતાલ પ્રતિષ્ઠાની સભામાં આશ્રિતોને આજ્ઞા કરી કે અમદાવાદ અને વડતાલ જે સ્થાનોમાં દર્શન કરવા જાઓ ત્યાં છાપો લઈ. લેવી તેમ કહીને ગોમતી કાંઠે છાપો અપાવી. અમદાવાદ રંગોત્સવમાં પણ શ્રીહરિએ આજ્ઞા કરી કે દ્વારિકાથી છાપો આવી છે તે અમો અહીં મોકલી આપીશું. તે દરેકે છાપ લેવી. રણછોડજીને લક્ષ્મીનારાયણ દેવમાં સ્થાપન કર્યા છે અને બીજા સ્વરૂપે શ્રી નરનારાયણદેવની મૂર્તિઓમાં પણ સ્થાપન કર્યા છે. તે છાપો લઈને સાબરગંગામાં સૌ સ્નાન કરજો. જે મનુષ્યો વડતાલ ગોમતી સરોવર કે શ્રીનગર સાબરગંગામાં સ્નાન કરી તપ્તમુદ્રાઓ ગ્રહણ કરશે તેમને યમરાજથી ભય નહિ રહે.

(ક્રમશઃ)

કાંકરિયાની પાળે શ્રીજી મહારાજ

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)



અમદાવાદ શહેર અને કાંકરિયા તળાવ જાણે એક બીજાનાં પર્યાય તો છે જ પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણે અવાર-નવાર અહીં પધારી અનેક ઉત્સવો કર્યા અને અમદાવાદ શહેર તથા કાંકરિયા તળાવ બંનેને ખૂબ મહિમાશાળી બનાવ્યાં છે.

વિ.સં. ૧૮૫૫ થી ૧૮૮૫ (ઈ.સ. ૧૮૦૦-૧૮૩૦) દરમ્યાન લગભગ છવ્વીસ વખત શ્રી સ્વામિનારાયણ ભગવાન અમદાવાદ પધાર્યા હતા અને પ્રત્યેક વિચરણ વેળા કાંકરિયા તળાવ પ્રત્યેનો એમનો અનહદ પ્રેમ અને લગાવ આપણા સંપ્રદાયના સર્વે ગ્રંથોમાં ખૂબ સુંદર રીતે વર્ણવેલો છે.

વિ.સં. ૧૮૫૫ (ઈ.સ. ૧૮૦૦) ના અરસામાં સૌ પ્રથમ વખત વર્ણીવેશે શ્રીહરિ અમદાવાદ પધાર્યા હતા. એ વખતે અમદાવાદ શ્રીનગર તરીકે પણ પ્રચલિત હતું. શહેરના અગ્નિખૂણે આવેલા અને અનેક પ્રકારનાં વૃક્ષોથી, નવપલ્લવિત વેલીઓથી, સુગંધીમાન પુષ્પોથી શોભાયમાન તથા અનેક પ્રકારનાં ખીલેલાં કમળોથી તથા જેની ચારે તરફના કાંઠાઓ પથ્થરોથી બાંધેલા હોઈ અત્યંત સુંદર લાગતાં એવા કાંકરિયા નામના સરોવરની પાળે નીલકંઠવર્ણી જ્યારે આવ્યા ત્યારે સરોવરની શોભા જોઈ તેઓ ખૂબ આનંદ પામ્યા. પછી તે સરોવરમાં સ્નાન કરી પૂર્વ તરફના ગરનાળા ઉપર બેસી પોતાની નિત્યવિધિ કરવા લાગ્યા. (આજે આ ગરનાળું પ્રાણી સંગ્રહાલયના દક્ષિણ છેડે આવેલું છે અને ભારત સરકારના પુરાતત્વ ખાતા તરફથી આરક્ષિત-ઈમારત તરીકે જાહેર થયેલું છે.)

ત્યાં તો શહેરમાં ખબર પડી કે કાંકરિયા સરોવરની પાળે અનાયાસે જ એક મહાતપસ્વી અને ચમત્કારી બાળયોગી આવ્યા છે તેથી શહેરનાં ધર્મપ્રેમી અને ભાવિક ભક્તજનો શ્રી વર્ણીના દર્શન કરવા આવવા લાગ્યા. શ્રીહરિની આસપાસ જોતજોતામાં માનવ મહેરામણ ઉભરાઈ ગયો ! સૌ નમસ્કાર કરી શ્રીહરિ સન્મુખ હાથ જોડીને બેઠા. શ્રીહરિએ તેમને ધર્મ અને મોક્ષ સંબંધી સુંદર ઉપદેશ આપ્યો. જેથી સર્વે જનોનાં મનમાં પરમ શાંતિ છવાઈ ગઈ !

અમદાવાદ શહેર, કાંકરિયા સરોવર અને શહેરની ધર્મ પ્રિય તથા શાંતિ ચાહક પ્રજા વચ્ચે ભગવાન શ્રીહરિ જાણે એક દિવ્ય સેતુ બનીને પધાર્યા હતા. શ્રીહરિની કરુણામય આંખોએ અમદાવાદની ભૂમિ, કાંકરિયા સરોવરની અદ્‌ભુત શોભા તથા ધર્મપ્રેમી શહેરીજનોનાં હૈયાંને એ જ ઘડિયે માપી લીધાં અને આ વિસ્તારમાં સંપ્રદાયનું સર્વ પ્રથમ મંદિર કરવાનો મનોમન નિર્ણય કરી લીધો હતો. અનેક વિધિ માણસો શ્રીહરિનાં દર્શને આવવા લાગ્યા. તે તમામને શ્રીહરિ ઉપદેશથી સંતોષ પમાડતા અને ક્યારેક ચમત્કારો પણ બતાવતા તેથી ઘણા લોકો શ્રીહરિ તરફ આકર્ષાયા. તે વખતે સદ્‌ગુરુ રામાનંદ સ્વામીના સદુપદેશથી અમદાવાદ અને આસપાસનાં ગામોમાં ઉદ્ધવ સંપ્રદાયનાં બીજ રોપાયા હતા. રામાનંદ સ્વામીનાં શિષ્યો પણ જ્યારે કાંકરિયા પર વિરાજમાન શ્રીહરિનાં દર્શને આવ્યા ત્યારે તે સર્વેજનોનાં મનની વૃત્તિઓ નીલકંઠવર્ણી સ્વરૂપમાં આકર્ષાઈ. તેમણે માન્યું કે રામાનંદ સ્વામી વિના બીજે ક્યાંય આપણા મનની વૃત્તિ ચોંટે નહિ અને આ તપસ્વી બ્રહ્મચારી મહારાજમાં મન ખેંચાયુ માટે જરૂર આ બ્રહ્મચારી કોઈ મોટા સમર્થ યોગી જ છે. તેથી અનાયાસે જ વર્ણી ઉપર તેમનો ભાવ વધ્યો, એમણે વર્ણીરાજને પ્રેમથી વિનંતી કરી પોતાના ઘરોમાં પધરાવી ભાવથી સેવા પૂજા કરી. કાંકરિયા સરોવરની પાળે વિરાજેલા નીલકંઠવર્ણીએ પળવારમાં શહેરીજનોને પોતાનાં કરી લીધાં !

પછી તો વિ.સં. ૧૮૫૫ થી ૧૮૮૫ દરમ્યાન (ઈ.સ. ૧૮૦૦-૧૮૩૦) ભગવાન શ્રી સ્વામિનારાયણ અવાર-નવાર (લગભગ છવ્વીસ વખત) અમદાવાદ પધાર્યા હતા. મોટે ભાગે જેતલપુર અસલાલી થઈ કાંકરિયા સરોવરે પધારતા. ક્યારેક મોટેરા કે સરખેજ ગામ થઈને અમદાવાદ આવે. એ પ્રત્યેક વિચરણ લીલા દરમ્યાન કાંકરિયા તળાવમાં શ્રીહરિએ અચૂક સ્નાન કર્યું છે. અને સરોવરનાં મુક્ત મને વખાણ કર્યા છે.

એ વખતે ભારત દેશમાં મરાઠા અને બ્રિટિશ કાળ પ્રવર્તતો હતો. (ઈ.સ. ૧૭૮૧-૧૮૩૦) મોગલ તથા મરાઠા શાસકો કરતાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસનને વધારે માનવીય અને પ્રગતિશીલ શ્રીહરિ ગણતા. એ વખતના અમદાવાદના કલેકટર ડનલોપ સાહેબ તથા એન્ડ્રુઝ સાહેબ શ્રીહરિને ભગવાનનો અવતાર જ ગણતા હતા. *(ક્રમશઃ)*

આદિ આચાર્ય પ.પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી

- રાજન કનૈયાલાલ ભાવસાર (વિસનગર)

આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ એટલે શ્રી પુરુષોત્તમ ભગવાના ચતુર્વ્યુહરૂપ પૈકીનો સગુણ એવો શ્રી અનિરૂધ્ધ ભગવાનનો અવતાર.

વિ.સં. ૧૮૮૨ નો ફૂલદોલોત્સવ એટલે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનો શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ તરીકેનો પ્રથમ ફૂલદોલોત્સવ તથા એમના માટે શ્રીહરિને પ્રસન્ન કરવાનો શ્રેષ્ઠ અવસર. આથી સહજ રીતે ફૂલદોલોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાય તેવો ઉમંગ અને ઉત્સાહ તો હોય જ. કિશોરવયના પોતાના ગુરુ એવા આદિ આચાર્યનો શ્રીહરિને જ પ્રસન્ન કરવા માટેનો આવો ઉત્સાહ અને આનંદ જોઈ મહંતશ્રી આનંદાનંદ સ્વામી તથા કોઠારી હયગ્રીવાનંદ મુનિ પણ ફૂલદોલોત્સવની તૈયારીમાં લાગી ગયા. તેમણે અનેક પાકશાળાઓમાં અનંત પ્રકારના સ્વાદિષ્ટ ભોજન બનાવડાવ્યા. પોતાના જેવી જ ભિન્ન-ભિન્ન પ્રકારના સ્વાદિષ્ટ ભોજનની સુંદર વ્યવસ્થા જોઈ શ્રીહરિ સર્વે સંતો-હરિભક્તોને કહેવા લાગ્યા, "હવે મારે ભોજન સંબંધી સર્વે ચિંતા ટળી ગઈ." શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે સર્વે સંતો-હરિભક્તો માટે ઉતારાની યથાયોગ્ય વ્યવસ્થા કરી: તથા રંગક્રિડા માટે પત્રાંગ, કેસુડો અને કેસર આદિક વિવિધ રંગો બનાવડાવ્યા. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે કરેલી ઉત્સવની સર્વ શ્રેષ્ઠ વ્યવસ્થા જોઈ તેમનાં પ્રત્યે શ્રીહરિ બોલ્યા, "હે પુત્ર ! તમો બાળક છો છતાં પણ વૃધ્ધ જેવા અને મતિમાન છો. એટલાં માટે જ મેં વિચાર કરીને જ આ શ્રીનગરમાં તમોને સ્થાપન કર્યા છે."

ફૂલદોલોત્સવનાં દિવસે શ્રીહરિએ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પાસે ગીત વાજીંત્રના શબ્દો સાથે, વૈદિકમંત્રોચ્ચારણ પૂર્વક, સર્વ ઉપચારો વડે, શ્રી નરનારાયણદેવનું પૂજન કરાવડાવ્યું. ત્યારબાદ શ્રીહરિ અને શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ શ્રી નરનારાયણદેવ સન્મુખ વિરાજમાન થયા. તે સમયે શ્રી મુક્તાનંદ આદિક સંતોએ શ્રીહરિના યશ સંબંધી કીર્તનો ગાયા. શ્રી નરનારાયણદેવની આરતીનો સમય થયો. ઢોલ, નગારા, ડંકા તેમજ શંખ અને ઘંટનો દિવ્ય ધ્વનિ સર્વે જનનાં હૃદયના સંતાપને દૂર કરતો દશેય દિશાઓમાં વ્યાપી ગયો. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે અપલક દૃષ્ટિએ તથા ભક્તિભાવપૂર્વક શ્રી નરનારાયણદેવની આરતી ઉતારી. શ્રીહરિ પણ આનંદમાં આવી શ્રી નરનારાયણદેવ પર અબિલ-ગુલાલનો રંગ ઉડાડ્યો. તે સમયે પર, અપર અને વિભવ સ્વરૂપનાં દર્શન કરવા માટે કાળ પણ જાણે થંભી ગયો ન હોય એમ સર્વને જણાયું.



ત્યારબાદ શ્રીહરિ સભા મંધ્યે વેદિકાના આસને પધાર્યા. તેમણે સોનાની પિચકારી લઈ સર્વે સંતો-હરિભક્તો ઉપર રંગ છાંટ્યો. સર્વે સંતો-હરિભક્તો પણ શ્રીહરિની આજ્ઞા અનુસાર મર્યાદામાં રહી રંગક્રિડા કરવા લાગ્યા. શ્રીહરિને પ્રસન્ન કરવા માટે બંને આચાર્ય કૌશલદેશની રીત પ્રમાણે રંગક્રિડા કરી. તે જોઈ શ્રીહરિ તથા સર્વે સંતો-હરિભક્તો અતિ રાજી થયા. બંને આદિ આચાર્ય મહારાજશ્રીએ કરેલી દિવ્ય રંગ ક્રિડા સાંભરતા જ આજે પણ આપણાં મનમાં સહજ કીર્તનની પંક્તિ ગૂંજવા લાગે છે. "અવધમેં હોળી ખેલે રઘુવીરા, દોભાઈ ધીરા અવધમેં હોળી ખેલે રઘુવીરા." આમ, બે ઘડી પર્યંત રંગક્રિડા કર્યા બાદ શ્રીહરિ સર્વે સત્સંગીઓને લઈ શ્રી નારાયણઘાટે સ્નાન કરવાં ગયા. ત્યાં પણ શ્રીહરિ અને બંને આચાર્ય મહારાજશ્રીએ સર્વે સંતો-હરિભક્તોને એક મુહૂર્ત પર્યંત જળક્રિડાનો દિવ્ય લાભ આપ્યો.

ત્યારબાદ શ્રીહરિએ સર્વે સંતો-હરિભક્તોને સ્વાદિષ્ટ ભોજન જમાડ્યા. આ સમયે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની સ્પષ્ટ આજ્ઞા હતી કે, "સર્વે સત્સંગી-કુસંગી સર્વે મનુષ્યોને જમાડવા." જમાડવામાં શ્રીહરિનાં જેવા જ ઉત્સાહવાળા શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે સર્વે સંતો-હરિભક્તોને જલેબીનો પ્રસાદ, પોતાના હાથે પીરસાય એ માટે, ખૂબ જ આનંદથી ઝડપથી ચાલતાં ચાલતાં પીરસતા હતા.

આમ, શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે શ્રીહરિને પ્રસન્ન કરવા માટે પોતાનાં પ્રથમ ફૂલદોલોત્સવને ખૂબ જ ઉત્સાહ, ઉમંગ અને ખંતથી ઉજવ્યો. તેમણે સર્વે સંતો-હરિભક્તોને શ્રીહરિની જેમ જ આનંદ આપ્યો.



શિક્ષાપત્રી ભાષ્યની કથામાં મોટા મહારાજશ્રીનો અમૂલ્ય ઉપદેશ

- પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ)

શ્રીહરિના અપર સ્વરૂપ પરમ પૂજય મોટા મહારાજશ્રીની દિવ્ય અસ્ખલિત વાણીનું માધુર્ય માણ્યું હોય તેમને તે સમયે પોતાના અંતરમાં શાંતિ વર્તાય. તેઓશ્રીના અતિ ઉપદેશાત્મક વક્તવ્યો અંગે વિચાર કરીએ તો ક્યારેય તેઓશ્રીના વક્તવ્યો બેવડાતા નથી. પ્રત્યેક સત્સંગ સભાઓમાં સંતો હરિભક્તોને નવીજ વાત જાણવા મળે છે.

તાજેતરમાં મૂળ બળદિયા ગામના હાલે લંડન સ્થિત શ્રીરામજીભાઈ મેઘાણી કે જેઓ ભુજના અનિ. મહંત શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજી સ્વામીના પૂર્વાશ્રમના પરિવારના સંબંધમાં થાય. તેમના પરિવારજનોએ ભુજ શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં મંદિરમાં શિક્ષાપત્રી ભાષ્યની પારાયણ યોજેલી. તા. ૩૦-૧-૦૯ શુક્રવારે તથા તા. ૩૧-૧-૨૦૦૯ શનિવારે શિક્ષાપત્રી જયંતીના શુભ દિને પૂજ્ય મોટા મહારાજશ્રીએ મનનીય પ્રવચનો આપી સુંદર ઉપદેશો આપ્યા અને કથા પારાયણના આયોજક મેઘાણી પરિવારને શુભાશીર્વાદ પાઠવ્યા.

મનુષ્યના જીવનમાં સંત સમાગમ તથા ભગવાન પર સંપૂર્ણ શ્રધ્ધા રાખવા અનુરોધ કરતાં મોટા મહારાજશ્રીએ જણાવ્યું કે, "જો સો મણ પથ્થર સાથે દસ મણ લાકડું બાંધ્યું હોય તો તે બધું પાણીમાં નાંખીએ અર્થાત્ સમુદ્રમાં પધરાવીએ તો તે ડૂબી જાય. પરંતુ સો મણ લાકડા સાથે દસ મણ પથ્થર બાંધ્યા હોય તો તે અવશ્ય તરી જાય." શ્રીહરિના કર્તાપણા અંગે શ્રધ્ધા અને વિશ્વાસની અત્યંત અલૌકિક વાત કરતાં તેઓશ્રીએ ઉપદેશ્યું કે, "એક સ્ટીમર મધદરિયે પસાર થઈ રહેલી અને મોટું વાવાઝોડું આવતાં સ્ટીમર ખૂબજ હાલક ડોલક થવા લાગી. કેપ્ટનનું સુકાન પણ હાથમાં ન રહે તેવી સ્થિતિ સર્જાતાં તમામ પ્રવાસીઓને કેપ્ટને પોતાના ઈષ્ટદેવને સ્મરવા ખાસ જણાવ્યું અને વારંવાર તે આ એનાઉન્સમેન્ટ કરવા લાગ્યો. ત્યારે લગભગ તમામ મુસાફરો પોતાના ઈષ્ટદેવને યાદ કરવા લાગ્યા. પરંતુ એક વ્યક્તિ જોરશોરથી ગાવા લાગ્યો અને નાચવા લાગ્યો. તેની પત્નિએ તેને ઈષ્ટનું નામ લેવા ખૂબજ સમજાવ્યો. પરંતુ તેથી તે ખૂબ ચિડાઈ ગયો અને પોતાના ગજવામાંથી રિવોલ્વર કાઢી પત્નિના મસ્તકે ધરી. આ દૃશ્ય જોઈ પત્નિ લેશ પણ ગભરાયા વિના કહેવા લાગી, "મને ખાત્રી છે અને પૂરતો વિશ્વાસ છે કે તમે મને મારવાના નથી." ત્યારે પતિએ પ્રત્યુતર આપ્યો કે, "તને જેમ તારા પતિ પર શ્રધ્ધા અને વિશ્વાસ છે કે તે તને મારવાનો નથી. તેમ મને મારા ભગવાનમાં સંપૂર્ણ શ્રધ્ધા અને વિશ્વાસ છે કે સ્ટીમર તે ડૂબાડવાના નથી. તેથી જ હું ગાઈ રહ્યો છું અને નૃત્ય કરી રહ્યો છું." આપણા આ મનુષ્ય જીવનમાં ભગવાનના કર્તાપણામાં આપણી અટલ શ્રધ્ધા અને વિશ્વાસ હોવા જોઈએ. એક સમયે કોઈ એકજ ઉકરડામાંથી એક વિદ્વાન સંતે પરસ્પર વેરી સ્વભાવવાળા કૂતરા, બિલાડી, ઉંદર, કાગડા આદિને ખાતા જોયા. કારણ કે તેમને ખૂબજ ભૂખ લાગેલી. આપણને પણ જીવનમાં સત્સંગનો ખપ અને ભૂખ હોવાં જોઈએ.

ભુજ મંદિરના માજી મહંત સ્વામીશ્રી શાસ્ત્રી ધર્મજીવનદાસજીને યાદ કરતાં મોટા મહારાજશ્રીએ જણાવ્યું કે તેમનો દીક્ષાનો દિવસ અને અક્ષરધામ સિધાવ્યાનો દિવસ એકજ એટલે વસંતપંચમી હતા. ચરાડવાના મહંતશ્રી ગોપાલચરણદાસજીનું પણ આવું જ હતું. પોતાની બાલ્યાવસ્થા સમયને સ્મરતાં તેઓશ્રીએ વર્ણવ્યું કે અમો આઠ કે નવ વર્ષના હતા ત્યારે અમદાવાદથી પિતાશ્રી સાથે ગાડીમાં રણ રસ્તે કચ્છ આવતા ત્યારે રસ્તા વ્યવહાર આજના જેવા નહતા. ટ્રેન કે બસ વ્યવહારની આજના જેવી સુવિધા નહિ. કોઈ કહેતું કે આ રણમાં જો ભૂલા પડી જવાય તો પાકિસ્તાન પહોંચી જવાય. અમને થોડી બીક લાગતી. પરંતુ ભુજ મંદિરમાંથી સંતો આ રણમાં અમને લેવા સામે, ભોમિયાની જેમ આવતા. ત્યારે તેમને મળતાં જ એમ થતું કે આ તો માર્ગના ભોમિયા છે. હવે ક્યાંય આડા અવળા નહિ પહોંચીએ. એમાં કહેવાનો આશય એ છે કે તમારા જીવનમાં પણ મોક્ષ પ્રાપ્તિનો માર્ગ દર્શાવનાર ભોમિયા સંતો છે. તેમને જીવનના ભોમિયા બનાવવા જોઈએ.

વસંત પંચમીના શુભ દિને વડતાલમાં શ્રીજી મહારાજ સંતો સાથે રંગ ગુલાલથી રમેલા. પ્રેમાનંદ સ્વામીએ જ્યારે શ્રીજી મહારાજ પર પાછળથી રંગ ઉડાડ્યો ત્યારે મહારાજે રમૂજમાં કહ્યું કે, "આ ઘરડી ઘોડીને ક્યાં શુરાતન ચઢી ગયું ?" આ રંગ છાંટણા સભર શ્રીજી મહારાજના પ્રસાદીના વસ્ત્રો જે અમને પરંપરામાં પ્રાપ્ત થયેલ છે તે અમારી પાસે આજે પણ જળવાયા છે. જેને અમે દર્શનાર્થે "શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ" માં મૂકવાના છીએ.

દિયર-ભાભીનું હેત

- ચંદ્રકાંતભાઈ પાઠક (ગાંધીનગર)

સંવત ૧૮૪૮ કાર્તિક સુદ દશમ શનિવાર ઈસવીસનની તારીખ ૩૧, ઓકટોબર ૧૭૯૧ ના રોજ ભક્તિમાતા અક્ષરવાસી થયા તે પછી શ્રીહરિ પોતાના ભાભી સુવાસિની બાને માતાજી તરીકે માનતા. બાળ સહજ તોફાની વૃતિ છોડી દીધી હતી. ભાભી કહે તેમ કરતા. તેમનું સન્માન જાળવતા. બોલવા ચાલવામાં માન આપતા. સુવાસિની બા પણ ઘનશ્યામજી પ્રત્યે એવો જ પ્રેમ રાખતા. દીકરાની જેમ સંભાળ લેતા. ભક્તિદેવી ધામમાં ગયાને ઝાઝો સમય થયો ન હતો. કુટુંબ હજુ વિરહ વ્યથાથી પિડાતુ હતું. ધર્મદેવ અને મોટાભાઈ જ્ઞાન દૃષ્ટિએ ધૈર્ય રાખીને સ્વસ્થ બની રહ્યા હતા. ઈચ્છારામ ઘણા નાના હતા એટલે તેમને બાળ સહજ રમત રમાડી સૌ ખુશ રાખતા. પરંતુ ઘનશ્યામજીને સાચવવા પડતા. સુવાસિનીબાને ભક્તિદેવીની ગેરહાજરી અકળાવી મુકતી હતી. ઘરમાં હરતાં ફરતાં, કામ-કાજ કરતાં ભણકારા વાગતા. એમ લાગતું કે માતાજી બોલાવે છે. શાકભાજી લેવા જવા કહે છે. અથવા તો ઘનશ્યામજીને બોલાવવા જવા કહે છે. માતાજીના બોલાયેલા આવા વાક્યો કાનમાં ગૂંજ્યા કરતા. સૌથી મોટી જવાબદારી ઘનશ્યામજીની સાર-સંભાળ રાખવાની હતી. કારણ કે ઘનશ્યામજી હવે સમજદાર બાળક હતા. માતાની ખોટ ન સાલે એમ તેમને રાખવાના હતા. કુટુંબથી નિઃસ્પૃહી થઈ તીર્થાટન કરવા માગતા ઘનશ્યામનો ઉદાસ ચહેરો જોઈ ભાભીને એમ લાગતું કે માતા વિના તેઓ અણોસરા થઈ ગયા છે. તેથી ભાભીએ નાના દિયરને પાસે બોલાવી હૈયે લગાવી માથે હાથ ફેરવતા કહ્યું, હે ઘનશ્યામજી ! તમે આવા ઉદાસ રહો છો એ મને નથી ગમતું. તમે હરો ફરો, રમો, મિત્રો સાથે ખેલો બહાર જાઓ. માતાજી હતા ત્યારે રહેતા હતા તેવી જ રીતે તમે રહો. તમે કાંઈ તોફાન કરશો તો પણ તમને કોઈ લડશે નહિ. તમારે જે કંઈ જોઈએ તે માતાજીની પાસે માગતા એવી જ રીતે મારી પાસે વિના સંકોચે માગો. તમારે કાંઈ જમવું હોય, તમારા ભાઈબંધો માટે કાંઈ બનાવવું હોય તો મને ખુશીથી કહો. સ્હેજ પણ અચકાશો નહિ. માતાજી તો મને પણ રાત દિવસ બહુ જ યાદ..... એ વાક્ય બોલતાં બોલતાં પોતે ધીરજ ગુમાવી બેઠા. સાડીનો છેડો પોતાના મોં પર ઢાંકીને ખૂબ રડ્યા. છેવટે ઘનશ્યામજીએ ભાભીને છાના રાખતા અને હિંમત આપતા કહ્યું, ભાભી ! મને ઉદાસી ટાળવાનું કહો છો અને તમે જ આમ ઢીલા થાઓ છો ! શાંત થઈ જાઓ. દિયર ભોજાઈએ પરસ્પરનાં આંસુ લૂછયા. માંડ માંડ સ્વસ્થ થયા.

અયોધ્યામાં સરયુ નદીનો વિશાળ પટ અને કિનારો ઘણો લાંબો છે. સરયુ કાંઠે અસંખ્ય નાના મોટા દેવ મંદિરો શોભે છે. અનેક સ્થાનિક શ્રધ્ધાળુ ભક્તો તથા યાત્રાળુઓ સવાર સાંજ અખંડ ભજન ભક્તિ, પૂજા પાઠ હોમ હવન કરતા હતા. નગારા ઝાલર અને ઘંટારવથી વાતાવરણમાં અદ્‌ભુત દિવ્યતા જણાતી. સ્વર્ગ માર્ગ સુધી પહોંચતી ધૂપદીપ અગરબતી વગેરેની મનોહર સુગંધ સૂરોને મોહિત કરતી. મંદિરોના શિખરો ઉપર લહેરાતી ધજાઓ ઈન્દ્રપુરીના અમરોને અયોધ્યા પધારવા આમંત્રણ આપતી હતી. અને તેથી જ જાણે વિવિધ વાહનો લઈ અમરલોકના દેવ સમૂહ પોતાને ત્યાં સર્વોત્તમ એવી ગંગા નદી વહેતી હોવા છતાં તેનાથી સવિશેષ પવિત્ર સરયુમાતાના દર્શન અને સ્નાન કરવા અયોધ્યાપુરીમાં ઉતરતા હતા. ગુપ્તઘાટ, સ્વર્ગદ્વાર, લક્ષ્મણઘાટ, રામઘાટ, સીતાઘાટ વગેરે ઘાટો ઉપર અનેક લોકો દરરોજ સ્નાન કરતા. અયોધ્યા આવીને વસ્યા ત્યારથી શ્રીહરિ પણ અહીં સ્નાન કરવા આવતા. વિપ્રઘાટે સ્નાન કરી નિત્ય વિધિથી પરવારી શહેરમાં આવેલા શ્રી રામ જન્મ સ્થાન, હનુમાનગઢી, કનકભુવન, રત્નસિહાંસન, રંગમહેલ, માનસભવન, નંદિગ્રામ, ભટ્ટેશ્વર મહાદેવ વગેરે સ્થાનોમાં દર્શન કરવા જતા. આ તેમનો નિત્ય ક્રમ હતો.

(ક્રમશઃ)


શ્રી સ્વામિનારાયણ મંદિર-બ્લેક ટાઉન સીડની ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહ (તા. ૫-૪-૨૦૦૯ થી તા. ૧૧-૪-૨૦૦૯)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર બ્લેકટાઉન સીડની, ઓસ્ટ્રોલીયા ખાતે તા. ૫-૪-૦૯ થી ૧૧-૪-૦૯ સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. જેના વક્તા પદે પૂજ્ય ભાગવત આચાર્યશ્રી યોગેન્દ્રભાઈ ભટ્ટ બિરાજશે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પાવન સાનિધ્યમાં સમગ્ર કાર્યક્રમ યોજાશે.

ઓસ્ટ્રેલીયામાં વસતા હરિભક્તોને લાભ લેવા ખાસ ભલામણ છે.

મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ
શ્રી સ્વામિનારાયણ મંદિર, મહેસાણા

તા. ૫-૨-૨૦૦૯ થી તા. ૧૧-૨-૨૦૦૯



શ્રીજી મહારાજે દંઢાવ્ય દેશમાં અનેકવાર પધારી પોતાના ચરણોથી સમગ્ર દંઢાવ્ય દેશને અતિ પાવન કરેલ છે અને અનેક લીલા ચરિત્રોને યાદ કરતા પ્રત્યક્ષ ભગવાનનું સુખ મળે છે. દંઢાવ્ય દેશ એટલે કે આજનું ઉત્તર ગુજરાત તેનું મુખ્ય મથક સમું મહેસાણા શહેરમાં શ્રીજી મહારાજે પધારીને ભગવાનનું માહાત્મ્ય અને ભગવાનનો નિશ્ચય બન્ને સમજણ થી દૃઢ કરવાનું અલૌકિક ચરિત્ર એટલે કે "કશળીબાઈની ખીચડી."

મહારાજ, સાધુ-સંતો તથા કાઠી દરબારો સાથે રામાનંદ સ્વામીના શિષ્ય એવા નાગર બ્રાહ્મણ કશળીબા ને ત્યાં સાંજના સમયે પધાર્યા. રેંટીયો કાંતીને પાઈ પાઈ ભેગી કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા સંતોની વર્ષો સુધી રાહ જોતા હતા તે ભગવાન માટે લાડુની રસોઈ જમાડવાનો આગ્રહ સેવ્યો. મહારાજે સાંજના સમય પ્રમાણે હળવું ભોજન "ખીચડી" માટે આગ્રહ કર્યો. ભગવાનની રૂચિ એજ જેનું જીવન છે એવા કશળીબાઈએ શ્રીજી મહારાજની વાત સ્વીકારી અને ખીચડી માટે સહમત થયા પણ ઘરમાં રાખેલું ઘી ક્યારેય વપરાશે તે માટે જેટલી ખીચડી એટલું ઘી નાખી ખીચડી થીજાવી. શ્રીજી મહારાજે લાલજી મહારાજને ખીચડી ધરાવી અને સંતો, ભગવાન અને કાઠી દરબારો પ્રસાદ લેવા બેઠા. ઘી ખીચડી અને તેમાં પણ ભગવાન પ્રત્યેનો અનન્ય સ્નેહ જેમાં હોય તો ભલભલા પકવાન પણ ફીકા પડે એમાં શું નવાઈ છે ? મહારાજે આગ્રહ કરી પાંચ પાંચ વાર ખીચડી પીરસી, અલૈયા ખાચર, સુરા ખાચર જેવા ભક્તો તો બોલી ઉઠ્યા કે "ભોલામાં માગ રહ્યો નથી, નહી તો હજી ખાત" ખીચડી વધવાથી ઢાંકીને મુકી દીધી.

શ્રીજી મહારાજની આજ્ઞાથી સર્વે સંતો તથા હરિભક્તો સવારે ચાર વાગ્યે ઉઠી સ્નાન, પૂજા-પાઠ વગેરે કરવા રૂપેણ નદી તરફ જવા તૈયારી કરી. ત્યાં તો કશળીબા મહારાજ આગળ આવી ઉભા રહ્યા અને ભગવાનને રોકાઈ જવા વિનંતી કરી અને કહ્યું કે રાંડી રાંડ ની આટલી ખીચડી બગાડીને જશો તે કેમ ચાલે, અને લાડવા જમાડવા હતા એટલે તો રહ્યા, કહેતા કહેતા આંખમાં આંસુ આવી ગયા. ભક્તવત્સલ ભગવાને દાતણ, સ્નાન, પૂજા-પાઠ બાકી હતા તો પણ નિયમમાં અપવાદ મૂકી કહ્યું કે મોઢામાં નાહ્યા પહેલા લાકડું તો ચાવોજ છો તો આજે ભક્તનું હૃદય ન કોચવાય તેથી સ્વયં ભગવાને તે બધા ભક્તોના હાથમાં ખીચડીના ચોસલા પીરસી દીધા ! અને ભગવાન, સંતો દરબારોને કહે "ખુશી થી સંચરો" કહેતા ગળગળા થઈ ગયા ! બ્રહ્માંડમાં ખીચડીના દાતણ આજે પણ ગવાય છે અને મહારાજના વચન પ્રમાણે જે ચરિત્ર ગાશે સાંભળશે તે ગમે તેવા હશે પણ તેને અંતકાળે ભગવાન તેડવા આવશે.

આવી દિવ્ય પ્રસાદીની ભૂમિમાં ૧૦૦ વર્ષ જુનું હરિ મંદિર તો હતું જ અને આ મહેસાણા શહેરમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રધ્ધા સહિત આસ્થા ધરાવતા હજારોની સંખ્યામાં ભક્ત સમુદાય વસવાટ કરી સ્થાયી થયેલ છે. મહેસાણા શહેરનો ચારે દિશાએથી દિન પ્રતિદિન વ્યાપ વધતો જાય છે. તે સંજોગોમાં આજુબાજુના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાંથી નોકરી-ધંધા, વ્યવસાય માટે નિત્ય નવીન પરિવારના ભક્તજનોની સંખ્યામાં સતત વિશેષ વધારો થાય છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનના છઠ્ઠા વંશજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી **મહારાજશ્રીના શુભ સંકલ્પ મુજબ "જગતમાં મંદિર એ માણસની આસ્થાનું કેન્દ્ર છે. માણસને ધર્મના સંસ્કારોની પુષ્ટિ મંદિરથી મળે છે. મનની શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતિ મંદિરમાં ભગવાનના દર્શન, પૂજન-અર્ચન તથા સેવા વડે થાય છે."**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આશીર્વાદાત્મક આજ્ઞાથી મહેસાણા શહેરના અમદાવાદ-પાલનપુર નેશનલ હાઈવે પર શિખરબધ્ધ મંદિરનો સંકલ્પ આશરે દશ વર્ષ પહેલા શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર અમદાવાદ, શ્રી નરનારાયણદેવ સ્કીમ કમિટીના અથાગ પ્રયત્નોથી પાંચ હજાર ચોરસવાર ભૂમિ સંપાદન કરી.

આ નૂતન ભવ્ય મંદિરના પ્રેરણાદાયી બની મંદિરના ખાત મુહૂર્તનો દિવ્ય શિલાસ્તંભ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે સ્થપાયેલ. જેનો ભક્તિ સ્વામીના મહંત પદે પ્રારંભ થયો. ત્યારબાદ જેતલપુરના શાસ્ત્રી આત્મપ્રકાશદાસજી

તથા શાસ્ત્રી પુરુષોત્તમપ્રકાશદાસજીના મંડળના સંતોને મંદિર બાંધવાની જવાબદારી સોંપવામાં આવી.

કુલ ૬૦૦ ચોરસવારની જમીનમાં નિર્માયેલ નિજ મંદિરમાં ૪૦,૦૦૦ ઘનફૂટના પથ્થર પથરાવી બે કરોડ રૂપિયાના ખર્ચે મંદિરનું નિર્માણ થયેલ છે. જે બંસીપુરના સંગેમરમર જેવા આબેહૂબ પથ્થરથી શિલ્પ શાસ્ત્ર અનુસાર પાંચ શિખરનું ભવ્ય મંદિરનું બાંધકામ પૂર્ણ થવાથી મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના દિવ્ય આયોજનનો સંકલ્પ સિધ્ધ થયો. શ્રી સ્વામિનારાયણ ભગવાને જેમ શ્રી નરનારાયણદેવને સ્વયં બાથમાં લઈ પધરાવેલ તેવીજ રીતે આજનબાહુ શ્રી સ્વામિનારાયણ ભગવાનના છઠ્ઠા વંશજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એ સ્થંભને બાથમાં લઈ અલૌકિક દર્શનનું સુખ આપેલ છે. આજે એ સ્થંભ મંદિરના ઈશાન ખૂણામાં દર્શન આપે છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વ ધર્મ સમભાવ તેમજ સર્વજીવ હિતાવહ પ્રણાલીને માણસની આસ્થા-શ્રધ્ધા ઈષ્ટદેવમાં હોય તેની પૂર્તિ કરવી તે અંગેની પવિત્ર ફરજ મંદિરના માધ્યમથી ચિવટ પૂર્વક અને સરળતાથી શક્ય બનાવી શકાય છે. આ ન્યાયે વિશાળ જગ્યામાં સભાખંડ, ભોજનાલય, ધર્મશાળા, સંત-નિવાસ વિગેરેનું પણ સુંદર નિર્માણ થયેલ છે. જેમાં દેશ-વિદેશમાંથી જુદી જુદી સેવાઓનો પ્રવાહ શરૂ થયો. મૂર્તિપ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ મહા સુદ-૧૦ ને ગુરુવાર તા. ૫-૨-૦૯ થી મહા વદ-૨ ને બુધવાર તા. ૧૧-૨-૦૯ સુધી ઉજવવાનું નક્કી થયું અને જેની ઘણા સમયથી આતુરતા હતી તે સમગ્ર દંઢાવ્ય દેશના તથા સંપ્રદાયના હરિભક્તોની આતુરતાનો અંત આવતા ત્રણ મહિના પહેલાથી અલૌકિક તૈયારીઓ શરૂ થઈ. હરિભક્તો મહોત્સવની તૈયારીઓમાં લાગી ગયા. શ્રી સ્વામિનારાયણ નગરના આખા મેદાનને સમથળ કરવા માટે સતત પાંચ ટ્રેકટર તથા સો સ્વયંસેવકોએ રાત દિવસ ખૂબજ મહેનત કરી.

મહેસાણાના મહંત શાસ્ત્રી ઉત્તમપ્રિયદાસજી તથા સ્વામી નારાયણપ્રસાદદાસજીના નેતૃત્વ હેઠળ મહોત્સવનો પ્રારંભ માગશર સુદ-૯ ના પવિત્ર દિને તા. ૭-૧૨-૦૮ ના દિને નૂતન મંદિરનાં પ્રાંગણમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે "વિજય સ્તંભ" વિધિ સમગ્ર દંઢાવ્ય દેશના હરિભક્તો તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળના વિશાળ સભ્યોની સંખ્યામાં સંપન્ન થયો.

જોતજોતામાં તો મંદિર રંગ રોગાન સાથે અને સુવર્ણ તથા ચાંદીના દ્વાર સાથે સુંદર શોભવા માંડ્યું. મંદિરમાં ૨૧ કમાનો અને વિવિધ નકશી તેમજ દિવ્ય પ્રવેશ દ્વાર તૈયાર થયા અને ભગવાન શ્રી સ્વામિનારાયણે કરેલી આજ્ઞા મુજબ "વાસ્તુ વિધિ"નું આયોજન સંપૂર્ણ વેદોક્ત વિધિથી મહાસુદ-૫ વસંત પંચમી તા. ૩૧-૧-૦૯ ના રોજ સંપન્ન થયુ અને હરિભક્તોના ઉત્સાહમાં અનેરો વધારો થયો. કારણ કે ભગવાન બિરાજશે તે મૂર્તિઓની આ નૂતન મંદિરમાં ઝાંખી થવા લાગી. અને ભગવાન સ્વામિનારાયણે નક્કી કરેલ દિવસે એટલે કે મહાસુદ-૧૦ ને ગુરુવાર તા. ૫-૨-૦૯ ના શુભ દિને સૂર્યનારાયણ પ્રગટ થતાંજ દિવ્ય શરણાઈ વાદનના સંગીતના સુરો ગુંજી ઉઠ્યા, હરિભક્તોનો મહેરામણ હિલોળે ચડવા લાગ્યો અને ઉતારા વિભાગ, સ્વયં સેવક કાર્યાલય, મધ્યસ્થ, કાર્યાલય, પૂછપરછ કાર્યાલય, સભામંડપ, સ્ટેજ, મેડીકલ, દાન-ભેટ, સાહિત્ય કેન્દ્ર, ક્લોક રૂમ, રસોડા વિભાગ જેવા કાર્યાલયોમાં કુલ ૧૦૦૦ સ્વયં સેવકોની શિસ્ત બધ્ધ ફરજથી પ્રારંભ થયો.

હરિભક્તો ચા-પાણી નાસ્તો કરી તમામ આમંત્રિત સત્સંગીઓ, સંતો, મહંતો તથા નગરજનો સવારે ૮-૦૦ કલાકે ૧૫ કંબોઈ નગર સોસાયટી, મહેસાણા પ.ભ. શ્રી નટવરભાઈ ફુલચંદભાઈ મોદીના નિવાસ સ્થાનેથી નીકળેલી પોથીયાત્રા એજ જાણે શ્રી નરનારાયણદેવને પધરાવવા માટેનું આમંત્રણ આપવા નીકળેલ મેદની થી સમગ્ર શહેર અંજાઈ ગયુ. પોંથીયાત્રા શ્રી સ્વામિનારાયણ નગર, એસ.ટી. વર્કશોપ ગ્રાઉન્ડ, મહેસાણા ખાતે વિરામ પામી.

એસ.ટી. વર્કશોપ ગ્રાઉન્ડ, મહેસાણાના વિશાળ મેદાનમાં મૂર્તિપ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત દિવ્ય સભામંડપ જેમાં ૫૦૦ ફૂટ x ૧૦૦ ફૂટનો વિશાળ સભામંડપ કે જેમાં એક પણ થાંભલો નહિ અને દાદાખાચરના દરબારની અલૌકિક ઝાંખી સાથેનું ૧૦૦ ફૂટ x ૪૦ ફૂટનું સ્ટેજ બનાવવામાં આવ્યું. જ્યાં પ્રથમ દિવસે કથા શુભારંભ પ્રસંગે સમગ્ર સંપ્રદાયના પ્રાણ સમા પ.પૂ. મોટા મહારાજશ્રી સભામંડપમાં પધારતા શ્રી નરનારાયણદેવ, શ્રી સ્વામિનારાયણ ભગવાનના જય ઘોષ સાથે વાતાવરણ દિવ્ય બની ગયું અને પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે દિપ પ્રગટાવી મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો શુભ પ્રારંભ થયો. અને શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ પ.પૂ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (પી.પી. સ્વામી, જેતલપુરધામ) વ્યાસાસન પર બિરાજમાન થઈ કથાનો મંગલ પ્રારંભ થયો. જેમાં ૧૦૮ સંહિતાપાઠ ભૂદેવો તથા સંતોના દિવ્ય દર્શન થતા હતા. પ્રથમ દિને વિશિષ્ટ મહાનુભાવો

તથા સામાજીક અગ્રણીઓના સન્માન થયા અને મંદિરની યાદ રૂપે પ્રતિકૃતિ ભેટ આપવામાં આવી.

બીજા સત્રમાં તેથી વધારે સંખ્યા ઉપસ્થિત થઈ દિવ્ય જ્ઞાનામૃતનો લાભ લીધો. આગવી વિશિષ્ટતા એ હતી કે ભગવાનનો પ્રસાદ દરેક હરિભક્તો તેમજ અન્ય મહેમાનો માટે એક જ સરખો હતો. બહેનો માટે કશળીબા ભોજનાલય તથા ભાઈઓ માટે અવધપ્રસાદજી ભોજનાલયનું આયોજન કરવામાં આવેલ. જેમાં મૂળી દેશના સ્વયં સેવકો દ્વારા સેવાનો લાભ લીધેલ. દિવસભર ધાર્મિક કથાવાર્તાના હિલોળે ચઢેલ સત્સંગી સમાજને રાત્રી દરમ્યાન સાંસ્કૃતિક કાર્યક્રમ પીરસવામાં આવ્યો. જેમાં તા. ૫-૨-૦૯ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ માણેકપુર, અને બાલવા એ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ દરમ્યાન ઝળહળતી જ્યોત સાથે જય સદ્‌ગુરૂ સ્વામીની આરતી તથા બેટી બચાવો વિષય પર સુંદર પ્રવચન આપી લોકોમાં પુત્રીનું મહત્વ સમજાવી સ્વામિનારાયણ ભગવાનના સિદ્ધાંત મુજબ બાળકીને દૂધ પીતી અટકાવવાના સંદેશને વહેતો કરેલ છે. આવા વિવિધ લાગણી સભર કાર્યક્રર્મો આપી લોકોના મન જીતી લીધા.

બીજા દિવસે પણ ધર્મ પ્રેમી જનતાએ કથા પારાયણનો દિવ્ય લાભ લીધો હતો. તથા બાઈઓના ગુરૂ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીએ પધારી દર્શન, આશીર્વચન આપી ભક્તજનોને અલૌકિક સુખ આપ્યું હતું. અને રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, વિસનગર દ્વારા રજુ થયેલ પ્રોગ્રામમાં સ્વામિનારાયણ સંપ્રદાયના નિયમ, નિશ્ચયની દઢતા દર્શાવતું નાટક તથા નીચી કોમમાં જન્મેલ સત્સંગીએ સંતોના સત્સંગ દ્વારા જીવન પરિવર્તન કરી કઈ રીતે આ જીવનું રૂડુ થાય છે તે દર્શાવતું અલૌકિક રૂપક રજું કર્યું હતું અને ટી.વી. બાલ હાસ્ય કલાકાર નિખીલ રાવતે બધાના મન હરી લીધા અને ગમ્મત સાથે જ્ઞાન પીરસ્યું હતું.

ત્રીજે દિવસે ભગવાનના મંગળમય સ્મરણ સાથે વકતા મહોદય પોતાની સુમધુર શૈલીમય વાણીથી ધર્મપ્રેમી જનતાને ભગવાનના પ્રાદુર્ભાવની પૂર્વાર્ધ કથામાં તરબોળ કરી દીધા હતા. તથા દિવસ દરમ્યાન માત્ર રૂા. ૨૫૦/- ના નજીવા ખર્ચે સંપૂર્ણ શરીરની ચકાસણી તથા બ્લડ ડોનેશન કેમ્પ, મફત દાંતની ચકાસણીના કેમ્પનું આયોજન કરેલ હતું જેમાં મોટી સંખ્યામાં નગરજનોએ લાભ લીધેલ હતો. તેજ દિવસે રાત્રે નંદસંતો રચિત એવા ચરિત્ર સભર મૂર્તિના કીર્તનો શ્રી વિજય ભરાડ અને તેમના મંડળ દ્વારા સંભળાવીને હરિભક્તોને આનંદિત કરી દીધા હતા.

ચોથા દિવસે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ પ્રસંગમાં લીલા પુરૂષોત્તમ નારાયણ શ્રી કૃષ્ણચંદ્ર પરમાત્માના જન્મોત્સવનું વિવિધ વેશભૂષા દ્વારા તથા મંડળના સભ્યોએ રાસ-ગરબા રમી તથા મટકી ફોડ પ્રસંગ ધામધૂમથી ઉજવી ભગવાનના પ્રાગટ્યનો પ્રસંગ માણ્યો હતો. તથા મહા આરતી દ્વારા ભગવાનના જન્મોત્સવની આરતી ઉતારી હતી. રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમમાં ખ્યાતનામ ટી.વી. કલાકાર જીતુભાઈ દ્વારકાવાળાએ ગમ્મત સાથે જ્ઞાન પીરસી દરેક સભાજનોને આનંદિત પમાડ્યા હતા.

પાંચમાં દિવસે ભગવાનના બાળ લીલા ચરિત્રોની રસપ્રદ કથા થી શ્રોતાજનો મંત્રમુગ્ધ બની ગયા હતા. આ દિવસે શાસ્ત્રી શ્રી રાજેન્દ્રભાઈ શુકલ (ઉમરેઠવાલા) દ્વારા વેદોકત વિધિથી ભગવાનની મૂર્તિઓ પધરાવી મહાવિષ્ણુયાગની શુભ શરૂઆત યજમાનોની દેહ શુદ્ધિ વિધિથી કરેલ હતી તથા સર્વ ભક્તજનો ના ગુરુ અને અમદાવાદ દેશ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા વૈષ્ણવ આચાર્ય શ્રી વાઘેશકુમારજી મહારાજશ્રી (કાંકરોલી) એ પણ પધારી દર્શન તથા આશીર્વચન પાઠવેલ હતા. રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમમાં સંપ્રદાયના સુપ્રસિદ્ધ ગાયક શ્રી જયેશભાઈ સોનીએ નંદ સંતો રચિત ભગવાનના ગુણરૂપ કીર્તન સંભળાવી ભક્તજનોને ભક્તિરસમાં તરબોળ કર્યા.

છઠા દિવસે તા. ૧૦-૨-૦૯ મંગળવારના રોજ સવારે ૮-૦૦ કલાકથી મહાશક્તિ ગ્રાઉન્ડથી ભગવાનના અભિષેક માટેની કળશયાત્રા યોજવામાં આવેલ હતી. જેમાં હજારો બહેનોએ માથે તાંબાના કળશ લઈ છપૈયાના નારાયણ સરોવરથી માંડીને કન્યાકુમારી સુધી તીર્થોના પાવન જળ કળશમાં લઈ તેના ઉપર શ્રીફળ મૂકી ભવ્યાતિત ભવ્ય જળયાત્રા નૂતન મંદિરના પટાંગણમાં આવી ત્યારે વાતાવરણ મંગલમય બની ગયું હતું. તથા આજ દિવસે સ્વામિનારાયણ ભગવાને કરેલ પ્રણાલી અનુસાર વિના ખર્ચ બ્રાહ્મણ બટુકોને યજ્ઞોપવિત આપવામાં આવી હતી. આજ દિને બપોરે ત્રણ વાગ્યે ભવ્યાતિ ભવ્ય શોભાયાત્રા મહેસાણા શહેરના રાજમાર્ગો પર નીકળી હતી. જે શોભાયાત્રામાં બે બેન્ડવાજા વાળા અને સત્સંગીઓની ધૂનની સંગીત સુરાવલીથી રસ્તાઓમાં જાણે પ્રાણ પુરી દીધા હતા. આ શોભાયાત્રામાં ૧૦ બળદગાડા શણગારવામાં આવેલ હતા. જેમાં દાદા ખાચરની જાન, સંપ્રદાયની શિક્ષાપત્રીના સૂત્રો, સર્વજીવ હિતાવહ ઉપદેશીય સૂત્રો તથા યજમાનો બિરાજમાન થયેલ હતા. ૨ શણગારેલ હાથી ઉપર મોટેરા સંતો દર્શન આપી રહ્યા હતા. અને ૨ શણગારેલ હાથી ઉપર યજમાન બિરાજેલ હતા.

શોભાયાત્રામાં દશ શણગારેલ ઘોડા ઉપર નરનારાયણદેવ યુવક મંડળના સભ્યો બિરાજમાન હતા. આ ઉપરાંત જુદાં જુદાં આકારે ૧૦ ટ્રેકટર શણગારવામાં આવેલ હતા. જે પૈકી એક ટ્રેકટરમાં ભગવાનનો રથ, બીજામાં સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ અને બાકીના ટ્રેકટરમાં વિવિધ ભજન મંડળીઓ તાલીયો અને મંજીરાથી સમગ્ર વાતાવરણ પુલકિત કરી રહ્યા હતા. ભાઈઓના સમૂહ પછી વિશિષ્ટ રીતે શણગારેલ ટ્રેકટરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પોતાની લાક્ષણિકતાથી સૌને દર્શન આપી મંત્રમુગ્ધ કરી રહ્યા હતા. જે સ્વામિનારાયણ ભગવાનની ઝાંખી કરાવતા સાતમાં વંશજ આ અલૌકિક શોભાયાત્રામાં હરિભક્તોને ખૂબજ આનંદ આપી રહ્યા હતા.

આ શોભાયાત્રામાં ટ્રેકટરમાં આશરે ૨૦૦ ત્યાગી સાંખ્યયોગી બહેનો પણ સૌને દર્શન આપી રહ્યા હતા. ૧૦ ફૂટ ઉંચા વાંસ ઉપર ચાલતા ૫ માણસો જુદાં જુદાં રમૂજી વેશ ધારણ કરી લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આ શોભાયાત્રામાં ૫૦,૦૦૦ સત્સંગીઓ અને બિન સત્સંગીઓ જોડાઈને શોભાયાત્રામાં અભિવૃદ્ધિ કરી રહ્યા હતા. મહેસાણા શહેરમાં સૌ પ્રથમ આવી અદ્‌ભુત શોભાયાત્રા જોઈ સમગ્ર શહેરના લોકો પુલકિત થઈ ગયા હતા. જેમાં સ્કુટર, બાઈક તથા ગાડીઓ જેવા અનેક વાહનો શોભાયાત્રામાં સામેલ હતા. આ શોભાયાત્રા નીકળ્યા બાદ સાંજે ૬-૦૦ કલાકે સભામંડપમાં પરત ફરતા તમામ હરિભક્તો આનંદના હિલોળે ચઢ્યા હતા. રાત્રે મંદિર પરિસરની આસપાસમાં જોરદાર ફટાકડાની આતશબાજી કરવામાં આવી હતી.

સમગ્ર મહોત્સવમાં ધ્યાન ખેંચતી બાબત : લાઈવ પ્રસારણ મહેસાણા શહેરની ચેનલ ઉપર પ્રસારીત કરેલ હતું તથા સમગ્ર વિશ્વમાં ઘેર બેઠા પ્રસંગ નિહાળવા માટે ઈન્ટરનેટ વેબસાઈટ દ્વારા જીવંત પ્રસારણ કરવામાં આવતું હતું. આ મહોત્સવના ઉપલક્ષમાં દરરોજ સવારે ૬-૦૦ થી ૭-૦૦ દરમ્યાન યોગાચાર્ય સ્વામી વિજયાનંદજી મહારાજ (હરિદ્વાર) દ્વારા યોગ શિબિર યોજવામાં આવેલ હતી. જેમાં ૫૦૦ શિબિરાર્થીઓએ ભાગ લીધેલ.

વર્ષોની આતુરતાનો અંત દેવ દર્શનનો મહિમા ભગવાનના પ્રત્યક્ષ બિરાજવાની ઘડી આવી અને સવારથી જ હરિભક્તોને ધર્મપ્રેમી ભક્તોથી ઉભરાયુ.

શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગનો શુભ દિન આવ્યો. તા. ૧૧-૨-૦૯ ના રોજ સવારે ૭-૦૦ કલાકે પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પુનિત પાવન પગલા મંદિરમાં થતા ભગવાનના જય ઘોષ સાથે શરણાઈના સુરો રેલાવતા સંગીન વાતાવરણમાં ત્રણેય અપર સ્વરૂપો દ્વારા મંદિરના મુખ્ય પ્રવેશ દ્વારમાં ભૂદેવોના મંગલ શ્લોકોના ધ્વનિની સાથે નિજ મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ તથા શ્રી નરનારાયણદેવનો ષોડ્‌શોપચાર મહાભિષેક કરવામાં આવ્યો તથા મૂર્તિઓની પ્રતિષ્ઠા વેદ વિધિસર સંપન્ન થઈ.

દર્શનની સુંદર વ્યવસ્થાના આયોજનથી સર્વ હરિભક્તોને ભગવાનના સ્વરૂપને ત્રણે આચાર્યના અપર સ્વરૂપોનાં દિવ્ય દર્શન થતા હતા જે મંદિરના પટાંગણમાં મૂકેલ પ્લાઝમાં (ટી.વી.)થી પણ દર્શન સારી રીતે થતાં હતા.

શ્રી કષ્ટભંજનદેવ અને શ્રી ગણપતિજી મહારાજના મુખ્ય પ્રવેશ દ્વારમાં પ્રતિષ્ઠા વિધિ પૂ. મહારાજશ્રીના શુભ વરદ્‌ હસ્તે સંપન્ન થઈ ત્યારે મંદિરમાં હરિભક્તો તથા અનેક મુમુક્ષુ જીવાત્મા તથા ઉપસ્થિત તમામ નગરજનો અલૌકિક દર્શન કરી ધનભાગી થઈ આ મહા મૂલ્ય ક્ષણો દરમ્યાન આકાશમાં હેલિકોપ્ટરમાં પુષ્પવૃષ્ટિ થતા ઉપસ્થિત તમામ લોકોના હૃદય પુલકિત થઈ ગયા. અને ગદ્‌ગદ્‌ કંઠે રોમાંચિત થઈ ભાવવિભોર થઈ ગયા !

ત્યારબાદ ભગવાનના અપર સ્વરૂપોના કર કમળોથી યજ્ઞ નારાયણદેવની શ્રીફળ હોમી પૂર્ણાહુતિ વિધિના દર્શન થયા. શાસ્ત્રના સિદ્ધાંત મુજબ કોઈપણ જીવાત્મા મંદિરની ધજાના દર્શન કરે તો ફળની પ્રાપ્તિ થાય. મંદિરનાં પાંચ શિખરોની અખંડ ધજાઓ તથા કળશ વિધિ પ.પૂ. મહારાજશ્રીના વરદ્‌ હસ્તે કરવામાં આવી. આ મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ તથા શ્રી નરનારાયણદેવ ની સૌ પ્રથમ આરતીની ઝાલરો રણકી ઉઠી.

આ મહા મહોત્સવ પ્રસંગે યોજવામાં આવેલ શ્રીમદ્‌ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞની છેલ્લા સત્રની પૂર્ણાહુતિની આરતી ઉતારવામાં આવી. તથા તમામ દાતાઓનું સન્માન કરવામા આવેલ. આ દિવ્ય પ્રસંગે જીલ્લા કલેકટર સાહેબ તથા જીલ્લા ન્યાયાધિશ વગેરે મહાનુભાવોએ વિશેષ ઉપસ્થિત રહી પ.પૂ. મહારાજશ્રીના આશીર્વાદ ગ્રહણ કર્યા હતા.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ પોતાના આશીર્વચનમાં જ્ઞાનોપદેશ કરેલ કે સમગ્ર સત્સંગ સમુદાયને આજના દિવ્ય પ્રતિષ્ઠિત દેવોના નિત્ય

દર્શન કરવા તથા આસપાસના વિસ્તારના સત્સંગીઓને આજના શુભ દિવસે નિયમ રાખી એકાદશી તથા પૂનમનાં દિવસોએ અવશ્ય દર્શન કરવા ખાસ આજ્ઞા કરી હતી.

પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પોતાના આશીર્વચનમાં જણાવેલ કે, જીવનમાં ઘણા બધા મંદિરોની પ્રતિષ્ઠા વિધિ થઈ પરંતુ સંપ્રદાયનું સૌ પ્રથમ એવું મંદિર છે કે આજની આ પ્રતિષ્ઠા વિધિમાં સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ તથા શ્રી નરનારાયણદેવના દર્શન કરવા માટે સ્વયં સૂર્યનારાયણદેવ પધારેલ જેથી મંદિરના ગર્ભગૃહમાં ચોતરફ પ્રકાશ-પ્રકાશ પાથરાયેલ તેવા દર્શન અમને થયા.

આ પ્રસંગે સંપ્રદાયના ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી વજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ અમૃતવાણીમાં જણાવેલ કે, એક ગુરૂના અનેક શિષ્યો હતા. તેમાંથી કોને ગાદીએ બેસાડવો તેની પરીક્ષા માટે બધાય શિષ્યોને ચણા આપ્યા. તેમાંથી ઘણા શિષ્યો તે ચણા ખાઈ ગયા અને અમુકે તેને પૂજામાં મુક્યા ત્યારે એક શિષ્યે તે ચણાને લઈ વાવી દીધો. તેમાંથી ખેતરમાં અસંખ્ય ચણા ઉત્પન્ન થયા. પછી ગુરૂએ તમામ શિષ્યોને બોલાવી આપેલા ચણા વિષે પૂછતાં જેઓએ જેવો ઉપયોગ કરેલ તેનું તેવું વર્ણન કર્યું. જ્યારે જે શિષ્યે ચણાનું વાવેતર કરેલ તેને પૂછતાં ગુરૂએ જણાવ્યું કે ચણા પાછળ આવે છે. જેમાંથી બોરીઓ ભરીને ચણા જોઈ ગુરુજી અટળક રાજી થયા. દષ્ટાંત નો સિદ્ધાંત એ છે કે, આપણે એકલા સત્સંગનો લાભ ન લેતાં આજુબાજુના તમામને સત્સંગનો લાભ આપવો જેથી અનેક સત્સંગીઓ તૈયાર થાય અને સત્સંગરૂપી વટવૃક્ષ તૈયાર થાય જેથી મીઠા સ્વાદિષ્ટ ફળ મળી રહે.

સમગ્ર ઉત્સવ એટલે કે સંભારણું. સમગ્ર ઉત્તર ગુજરાતમાં સૌને મૂળ સ્વામિનારાયણ સંપ્રદાય શું તેની ખબર પડી. કારણ દરેકે દિવ્ય કથાવાર્તા ને મંદિરમાં પધરાવેલ ભગવાનના સ્વરૂપના દર્શન મહેસાણા નગરમાં કરીને સમગ્ર ઉત્તર ગુજરાતમાં સ્વામિનારાયણ નામ ગુંજતુ થઈ ગયું.

આ પ્રસંગે ૧૦૮ ભાગવત સંહિતા પારાયણ રાખવામાં આવેલ. સંતો અને પવિત્ર ભૂદેવોએ સાત દિવસ સુધી અખંડ મુખપાઠ કર્યો. દરરોજ રાજકિય સામાજીક ધાર્મિક નેતાઓ આવતા અને તેઓશ્રીનું યથાશક્તિ સન્માન કરવામાં આવતું.

આ પ્રસંગે વિવિધ ધામોથી સંતો પધાર્યા હતા. સાત દિવસ સુધીમાં આશરે ૫૦૦ જેટલા સંતોએ દર્શન આશીર્વાદનો લાભ આપ્યો. અમદાવાદ મંદિરના મહંતશ્રી, નિજ મંદિરના મહંતશ્રી તથા કોઠારીશ્રી, મૂળી, વડતાલ, ભુજ (કચ્છ), ગઢડા, જૂનાગઢ, ધોલેરા, છપિયા વિગેરે ધામોધામથી સંતો પધાર્યા હતા.

તેમજ અમદાવાદ-મૂળી, ભૂજ-કચ્છ વિસ્તારના સાંખ્યયોગી બહેનો ૨૦૦ થી વધુ સંખ્યામાં પધાર્યા હતા.

અંતમાં મંદિરના નિર્માણકર્તા બન્ને મહંત સ્વામી, શાસ્ત્રી સ્વામી ઉત્તમપ્રિયદાસજી તથા મહંત સ્વામી નારાયણપ્રસાદદાસજીનું પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સર્વે સંતો તેમજ સ્થાનિક હરિભક્તોએ સન્માન કરીને બહુમાન કર્યું હતું. તથા જેતલપુર અને જયપુરમાં રહેતા મંડળના સંતોનું પણ સન્માન કરવામાં આવ્યું. આ મંડળ તરફથી શ્રી નરનારાયણદેવને શ્રેષ્ઠ મંદિરની ભેટ મળી. જેનો લાભ હજારો ભક્તો લઈ રહ્યાં છે.

(- મહેશ ભાવસાર, વિસનગર)

ધર્મકુળ વંદના મહોત્સવમાં ગામોગામના સમસ્ત હરિભક્તોને સેવા-સહયોગ માટે

સર્વોપરિ શ્રી નરનારાયણદેવ ગાદીના સૌ પ્રથમ આદિ આચાર્યશ્રી પ.પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની ૨૦૦ મી જન્મ જયંતી "ધર્મકુળ વંદના મહોત્સવ" આગામી તા. ૧-૬-૨૦૦૯ થી તા. ૩-૬-૨૦૦૯ જેઠ સુદ-૯ થી જેઠ સુદ-૧૧ પર્યન્ત પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની અધ્યક્ષતામાં અને સમસ્ત ધર્મકુળના સાનિધ્યમાં ધામધૂમથી અને હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવશે.

જેથી ગામોગામ અને શહેરમાં વસતા સમસ્ત હરિભક્તોને આપણા આ ધર્મકુળ વંદના મહોત્સવમાં તન, મન અને ધનથી સેવા કરીને આપના ગામમાં આવનાર સંતોની ઝોળી છલકાવીને આપણો આ મહા મહોત્સવ ભવ્યાતિ ભવ્ય ઉજવાય તેવા દ્રઢ સંકલ્પ સાથે સૌએ ખભે ખભા મિલાવીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના સંકલ્પ અને પ્રેરણામાં સહભાગી બનીએ.

દરેક હરિમંદિરના કોઠારીશ્રીઓએ તેમના ગામમાં સંજોગવશાત્ સંતોનું મંડળ પહોંચી ન શક્યુ હોય તો ગામ વતી આ મહોત્સવમાં અનાજ કે રોકડ રૂપે આવેલ ફાળો અમદાવાદ, કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર 'ધર્મકુળ વંદના મહોત્સવ' ઓફિસમાં જમા કરાવીને પાકી પહોંચ મેળવી લેવી.

આજ્ઞાથી


મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ.


મહેસાણા શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ



નિજમંદિર




મંદિરનું દ્વાર



ઘુમ્મટ







પ્રતિષ્ઠા વિધિના દર્શન



મહાઅભિષેક



દર્શનાર્થી



યજ્ઞવિધિ







મહા વિષ્ણુયાગ વિધિ







મંગળ દીપ પ્રાગટય

દાતાઓનું સન્માન

વિશાળ સભા

શ્રી સ્વામિનારાયણ મંદિર, મહેસાણા



દાતાઓનું સન્માન



સંતોની ખબર અંતર



ધર્મકુળનું પૂજન



શ્રી કૃષ્ણ જન્મોત્સવ



સભામાં દર્શન આપતા
પ.પૂ. મોટા મહારાજશ્રી



વ્યાસપીઠની સમૂહ આરતી



પોથીપૂજા યજમાન દ્વારા



મા.નિતીન પટેલનું સન્માનૅ



૧૦૮ શ્રી વાઘેશજી મહારાજ
કાંકરીયા પિઠાધિશ્વર











ભોજનાલય



સંતોનું ભોજનાલય







સર્વ રોગ નિદાન કેમ્પ







સાંસ્કૃતિક કાર્યક્રમ

યોગ કેમ્પ

યજ્ઞ વિધિ







સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

રૂપિયાનો વરસાદ

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

"સજની આરે ચોધડીયુ અમૃત લાભનું" આવો અમૂલ્ય લ્હાવો, આવી અદ્‌ભુત તક મળતી હોય તો કોણ જતી કરે ! સાક્ષાત્ પરમાત્મા ઢોલીયે બિરાજતા હોય, પ્રસન્ન વદને દર્શન આપતા હોય અને એમાં સોનામાં સુગંધની જેમ દરેક ભક્તોને પૂજનનો લ્હાવો મળતો હોય તો બાકી શું રહે ?

પહેલાં સંતોએ પૂજન કર્યું અને પછી ભક્તોનો વારો આવ્યો. દરેક ભક્તો એક પછી એક આવતા જાય અને પૂજન કરતા જાય. અને ભક્તો પાછા ખાલી હાથે ન આવે. જે જે પૂજામાં આવે તે સાકરનું પડીકું મહારાજ આગળ મૂકે. ભક્તભાવને વશ થઈને એમાંથી એકએક ગાંગડો મહારાજ મુખમાં મુકતા જાય. પણ હરિભક્તો કેવા ! એકલી સાકરથી ચલાવી નહોતા લેતા. રૂપિયા મુકવા માંડેલા. મહારાજની આગળ મોટો થાળ હતો. રૂપિયાથી આખો ભરાઈ ગયો. જો જો હવે એક લીલા પ્રભુ બહુ સરસ કરે છે. આમા ક્યાંય આપણું નસીબ લાગી જાય તો કામ થઈ જાય. મોટો ઢગલો થયેલો રૂપિયાનો. રોકડા રૂપિયા અત્યારના જેવા કાગળીયાનાં ફોતરાં નહીં. રોકડા રૂપિયા પણ ખોટા નહી. પાછા ચાંદીના અત્યારે રોકડા રૂપિયા માથામાં વાગે એવા હોય છે. પણ એ વખતે રોકડા રૂપિયાય ચાંદીના, એનો ઢગલો થયો. અને શ્રીજી મહારાજ આસન ઉપરથી ઉભા થયા. ઉભા થઈને ઢગલો હતો એમાંથી મુઠીયો ભરી ભરીને રૂપિયા ચારેય બાજુ ઉડાડવા માંડ્યા. કોઈ રૂપિયા ઉડાડે ખરો ? ઉડાડે તો આપણે શું કહીએ ખબર છે ? એ તો બહુ પૈસા ઉડાવે છે. પણ અહીં સ્વામિનારાયણ ભગવાન રૂપિયા ઉડાડવા માંડ્યા. સભામાં પડે, સભાથી દૂર પડે. આજુબાજુના ઘરના છાપરા ઉપર રૂપિયા પડવા માંડ્યા. એમાં નજીકમાં કોઈ મકાનમાં વૃદ્ધ ડોશીમાં રહેતા હતાં. તેના છાપરાં ઉપર રૂપિયા પડ્યાને એટલે સહજ પ્રકૃતિ પ્રમાણે ગાળો દેવા માંડ્યા. કોણ મુઓ પથરા નાંખે છે, અત્યારે ઘર ઉપર ? ને બે ચાર ગાળો દઈ દીધી. જે બહેનોને સહેજે મોઢાં ઊપર હોય છે. એવી ગાળો શોધવા નહોતા ગયા. એવા બે ચાર શબ્દો બોલી બોલીને આ ડોશી ખીજાયા. ફરીથી નળીયાં ઉપર ખખડાટ થયો એટલે બહાર આવ્યા. બરાબર ખીજાઈ ગયેલાં હતા. કોણ પથરા નાંખે છે ? અને જ્યાં બહાર આવ્યાં તો દડદડ કરતાં રૂપિયા છાપરાં ઉપરથી હેઠા પડ્યા. છાના માના વીણીને ઘરમાં પેસી ગયા. બોલ્યા જ નહીં. અને પાછા રાહ જોઈને બેઠા કે હજુ નાંખે ! પણ ઈશ્વરને ત્યાં એવું છે કે રાહ જુઓ તો ન નાંખે. તમે બિલકુલ અનાસક્ત ભાવથી બેઠા હો તો તમારા ઘર ઉપર રૂપિયા નાંખે. પણ આમ રાહ જુઓ કે નાંખો મહારાજ કેમેરો લઈને ઉભો છું તો ન નાંખે. બે વાર એમનાં ઘર ઉપર પડ્યા. ભગવાન આ રીતે રૂપિયાનો વરસાદ વરસાવવા લાગ્યા. હવે આ રૂપિયાનું શું થયું ?

ઈશ્વરની લીલા બહુ અલૌકિક છે. એમનો નાંખેલો રૂપિયો જેના હાથમાં આવે એમને ક્યારેય પણ કોઈ દુઃખ રહેતુ નથી. કારિયાણીમાં જે જે માણસો સભામાં બેઠેલા હતા તે તમામ નાના-મોટા બાઈ-ભાઈ જેણે જેણે એ રૂપિયો લીધો એટલે કે જેના જેના હાથમાં એ પ્રસાદીનો રૂપિયો આવ્યો તો જીવનભર એમનાં ઘરમાંથી દારિદ્ર ચાલ્યું ગયું. એક રૂપિયો મળે તોય દારિદ્ર જતું રહે. આ વાત તો બિલકુલ સાચી છે. સુદામાજીને દ્વારિકાધીશે હાથમાં કાંઈ આપ્યુ નહોતું પણ દારિદ્ર જતું રહ્યું. ભગવાન આપે તેનો જીવને ખ્યાલ હોતો નથી.

કારિયાણી એ તો નાનું ગામડું. ત્યાંના ભક્તોની સ્થિતિ જોઈને પ્રભુને વિચાર આવ્યો કે આ થાળ ભર્યો છે. શું કરવાનો, વહેંચી દઈએ. રૂપિયો એવી વસ્તુ છે કોઈને પાંચ રૂપિયા આપીએ તો લેતાં સંકોચ થાય. પણ પાંચને બદલે પંદર રૂપિયાનો પ્રસાદ આપ્યો હોય તો રાજી થઈને પ્રસાદીના સમજીને ભાવથી સહુએ લીધા અને સહુ સુખી થયા.

"હે કરુણાના કરનારા તારી કરૂણાનો કોઈ પાર નથી."

ભગવાનની કૃપા અપરંપાર છે. "જનમ્યુ તેને જીવાડવાને ઉપાય શોધ્યો શુદ્ધ જોને, હાડ માંસના હૈયાં મધ્યે દેવે સર્જ્યા. દૂધ જોને." જો ભગવાન ઉપર ભરોંસો હોય તો પ્રભુ કોઈને દુઃખી થવા દેતા નથી. સજાગ રહેવું પડે. ઓચિંતા આપણા ઘર ઉપર રૂપિયાનો વરસાદ થાય તો !!! પથ્થરા માનીને બેસી ન રહેતા.

જો સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞામાં રહીને તેમનું જે ભજન કરે છે તેવા ભક્તના સુખ માટે ભગવાને રૂપિયા ઉછાળ્યા. આપણી એક જુની કહેવત છે - "ખુદા દેતા હે તો છપ્પર ફાડકે દેતા હૈ." પોતાના ભક્તોના સુખ માટે ભગવાને એ કહેવત ને સાર્થક કરી રૂપિયાનો વરસાદ વરસાવ્યો.

સહજાનંદી સિંહ કેવા હોય ?

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

ગમે તે કારણે તિલક ચાંદલો ન કરતા હોય તેઓ આ વાત જરૂર વાંચે. એક શૂરવીર યુવાનની આ વાત છે. બની ગયેલી સત્ય ઘટના છે. લડાઈમાં જ શૂરવીરતાની જરૂર હોય છે તેવું નથી. પણ જીવનમાં ઘણા ક્ષેત્રોમાં શૂરવીરતાની જરૂર પડે છે, ધાર્મિક બાબતમાં તો ખાસ, એટલે તો પેલા ભજનમાં કહ્યું છે કે "હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને."

આ યુવાનને જ્યારથી સત્સંગ થયો ત્યારથી સુંદર તિલક ચાંદલો કરતો. કોઈ ટીખળી થોડી મશ્કરી કરતા તો તેને શૂરવીરતા પૂર્વક જવાબ આપી દેતો. આ યુવાનની સુખી જીંદગી જોઈને કોઈ કોઈ પડોશી તથા કોઈ સગા ઈર્ષાથી અદેખાઈ કરવા લાગ્યા. અને તક મલે તો તેનો ચાંદલો બગાડવો અને કંઠી તોડાવવી. એવું બધાએ નક્કી કરી રાખ્યું અને એવી તકની રાહ જોવા લાગ્યા.

સારા કાર્યો કરનારને જેમ તક મલતી હોય છે. તેમ ઈર્ષાળુઓને પણ તક મલી જતી હોય છે. વાત એમ બની કે આ યુવાનનાં લગ્ન નક્કી થયા. અને જાન લઈને વીસ માઈલ દૂરના ગામમાં પરણવા જવાનો દિવસ નક્કી થયો. પેલા ઈર્ષાળુ સગાં અને પડોશીઓ જાનમાં સાથે હતા. મજબૂત બળદો જોડેલાં ગાડાઓમાં પુરુષો અને સ્ત્રીઓ વિભાગવાર ગોઠવાઈ ગયા. વાતોના તડાકા અને ગીતોના ઝપાટા વચ્ચે વીસ માઈલ પૂરા થયા અને સામે ગામ પહોંચી ગયા. દીકરી પક્ષવાળાએ ખૂબજ દબદબાથી સ્વાગત કર્યું. અને ગામની નિશાળમાં ઉતારો આપ્યો. બરફી, કોપરાપાક, મગસ, ગોટા, વાલ, ફૂલવડી અને બે શાક એ બધું ખૂબ આગ્રહથી પીરસીને જમાડ્યું. રસોઈ ઉપરથી સામાવાળાનો આર્થિક ખ્યાલ આવતો હતો કે ઠીક સુખી ઘર છે અને સંતાનમાં ફકત એક જ દીકરી છે. જેનાં આજે રાત્રે લગ્ન છે.

જમ્યા પછી જાનૈયાઓ કોઈ વાર્તાએ વળગ્યા. કોઈ સ્કૂલના મેદાનમાં આંટા મારવા લાગ્યા. કોઈ એક બીજાની ઓળખાણ પીછાણ પંચાતમાં પડ્યા. છોકરા દોડાદોડ કૂદાકૂદ કરતાં હતાં. યુવાનો ગાયનોની રેકર્ડો સાંભળતા સાંભળતા સિનેમાની વાતે વળગ્યા હતાં. વરરાજા એક રૂમની બારીમાંથી જોતા હતા કે પોતાના સસરા સાથે કેટલાક પોતાના સગાં તથા પાડોશીઓ ઉભા ઉભા મસલત કરતા હતા. તે એ જ સગાં તથા પડોશીઓ હતા કે જેઓ પોતાનો તિલક ચાંદલો જોઈને બળી મરતા હતા.

થોડીવાર પછી સસરા તથા બીજા બે-ત્રણ માણસો વરરાજાની રૂમમાં આવ્યા અને વાત શરૂ કરી. "અમારી ઈચ્છા એવી છે કે તમે કંઠી ચાંદલો કાઢી નાખી સત્સંગી મટી જાઓ તો સારું. જો તમે નહિ માનો તો અમારે બીજો વિચાર કરવાની જરૂર પડશે." વરરાજાએ જવાબ આપ્યો કે "આપને જે વિચાર કરવો હોય તે કરી શકો છો પણ કંઠી ચાંદલાની વાત નહીં કરી શકો. સત્સંગ શિર સાટે છે."

સસરા તો જવાબ સાંભળીને સડાક થઈ ગયા. ગુસપુસ વધી ગઈ. ડાહ્યા અને વ્યવહારિયા આવીને સમજાવવા લાગ્યા. પણ વરરાજા તો શૂરા બનીને બેઠા છે. છેવટે હારી જઈને પોતાની વાત રાખવા સસરા પક્ષે સમાધાન કરવા બીજી રજૂઆત કરી. તો "એમ કરો કે અત્યારે કંઠી ચાંદલો કાઢી નાખો, લગ્ન કરીને ઘરે જાઓ પછી પહેરી લેજો." પણ વરરાજાએ જવાબ આપ્યો કે "કંઠી ચાંદલો મૂકાવે એવા લગ્ન મારે કરવા જ નથી હું લગ્ન કર્યા વગર અત્યારે જ ચાલી નીકળવા તૈયાર છું."

વરરાજાની મક્કમતાં જોઈને ભલભલાના પગ ધ્રૂજવા લાગ્યા. સસરા મનમાં મૂંઝાયા કે આ તો આ લોકોએ ભાલે ભરાવ્યા. યુવાન તો લોખંડી મનનો છે. એ માને તેમ નથી. છેવટે ફરીથી બહાર આવીને કહ્યું કે "એમ કરો, કંઠી ચાંદલો ભલે રહ્યો પણ હસ્ત મેળાપ વખતે તમારે એટલું બોલવાનું કે હું સત્સંગી નથી." સગાં તથા પડોશીઓએ દબાણ કર્યું કે એટલું બોલવામાં તમારૂ શું જાય છે ? પાછા ફરવું પડે તો બધાની આબરૂ જાય માટે એટલું બોલજો.

રાત્રે લગ્ન મંડપમાં સાજન-માજનની ભીડ જામી છે. એક બ્રાહ્મણ ન સમજાય તેવા મંત્રો બોલે છે. એક પછી એક બધી વિધિ પૂર્ણ થતી જાય છે. હસ્ત મેળાપ પહેલાં સસરા આવીને જમાઈને પૂછવા માંડ્યા કે તમે સત્સંગી છો ? આ યુવાન કહે, મારી સાસુને નજીક બોલાવો પછી જવાબ આપું. સાસુ નજીક આવ્યાં પછી યુવાન કહે, હવે મારાં સાસુજી પહેલાં બોલે કે "તમે તેના પતિ નથી." પછી હું બોલું કે નહિ તે વિચાર કરું. માથે મોઢ ઘાલેલાં સાસુ તો આ સાંભળી શરમાઈ ગયા. આય હાય આવું તે કંઈ બોલાય. હું તેમની સાથે પરણી છું. જીંદગીના પચીસ વર્ષ સાથે પસાર કર્યા છે. પતિદેવને કહે મૂકોને પંચાત. આજે તમને કોણે આવું લાકડું પકડાવ્યું છે ? હું શું કરું. એમના જ માણસોએ મને કહ્યું છે. ખીજાઈને સસરા બોલ્યા અને ગોર મહારાજ સામે જોઈને કહે વિધિ.ચાલુ કરો. ધામધૂમથી કન્યાનો હાથ વરના હાથમાં સોંપાયો. મંગલ ફેરા પૂરા થયા. લગ્ન વિધિ સમાપ્ત થયો. રંગેચંગે જાનને વિદાય અપાઈ. ઈર્ષાળુઓનાં મોઢા જોયા જેવા થઈ ગયા. કેમ વાંચકો ! વાંચીને વાત ? લગ્ન ફોક કરવા તૈયાર થયો પણ કંઠી ચાંદલો છોડવા તૈયાર ન થયો. આનું નામ શૂરવીરતા. આનું નામ સાચો સત્સંગી. આનું નામ સહજાનંદી સિંહ ! હવે તિલક ચાંદલો ન કરનાર તમે વિચારી જોજો. તમારી શૂરવીરતા તપાસી જોજો. તમારી ટેક માપી જોજો.

ભક્તિસુધા

ભાતના પુણ્યનો અવસર મહારાજે જસુબાને આપ્યો

- ગાંગાણી જસુબેન દયાલજીભાઈ (નવાવાડજ)

ગઢપુરમાં એક વખત શ્રીજી મહારાજ વહેલી સવારના દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા. એ વખતે મહારાજે ભગુજીને બોલાવ્યા. ભગુજી ઓ ભગુજી જરા કુંવરબાને બોલાવી આપો ને ? ભગુજી રવાના થયા. કુંવરબાને ભગુજી કહે છે, બા ! આપને મહારાજ યાદ કરે છે. કુવરબા જલદીથી મહારાજ પાસે આવ્યા. મહારાજના ચરણમાં પગે લાગીને કહે છે કે મહારાજ ! આ દાસીને શું આજ્ઞા છે ? મહારાજ તો થોડીકવાર કુંવરબા સામું જોઈ રહ્યાં. પછી ધીરે રહીને બોલ્યા. કુંવરબાઈ તમારા સસરા એભલ ખાચર ધામમાં ગયા પછી આ દાદાનું કાંડું અમારા હાથમાં સોંપતા ગયા છે ઈ'તો તમે જાણો છો ? પણ તમારે ત્યાં વારસ નહીં એ લોકમાં ઠીક ન કહેવાય. આમ કહીને મહારાજ તો કુંવરબાઈ સામું જોઈ રહ્યાં છે. કુંવર બાઈ કહે છે. હે મહારાજ આમ ગોળ-ગોળ વાતો ન કરો. જે કહેવું હોય તે જલદી કહો. મહારાજ કહે છે કે કુંવર બાઈ ! અમારે દાદાના બીજા લગ્ન કરાવવા છે. તો તેમા તમારી સહમતીની જરૂર છે. કુંવરબાઈ બોલ્યા ! હે મહારાજ કાલ થતું હોય તો આજેજ કરો. તમારી આજ્ઞાથી વિશેષ કાંઈ નથી. મહારાજ કહે છે કે તો તમેજ જઈને દાદાને સમજાવો. કુંવર બાઈ તો દાદા ખાચર આગળ આવ્યા. પછી બધી વાત દાદા ખાચરને કહી. ત્યાંતો ધડ દઈને દાદા ખાચરે ના પાડી દીધી અને કહ્યું મારે નથી જોતો પુત્ર ? કે નથી જોતો પરિવાર ? એમ કહીને દાદા તો પોતાનું કામ કરવા લાગ્યા. પછી તો કુંવરબાઈ મહારાજ પાસે આવે છે અને કહે કે હે મહારાજ હવે તો તમેજ એમને સમજાવો તો થાય. આવો રાજીપો કુંવરબાઈનો જોઈને મહારાજ દાદા ખાચરને બોલાવે છે કે દાદા ! અમારે તો તમારા બીજા લગ્ન કરાવવા છે. દાદા ખાચર વિચાર કરીને મહારાજને કહે છે.

"તમે જો પ્રભુ જાનમાં આવો,
પાસે રહી મને પરણાવો.
તો હું પાણી ગ્રહણ કરીશ,
આજ્ઞા આપની માથે ધરીશ."

હવે દાદા ખાચરને મહારાજ કહે છે.

"હાક્યો અર્જુનનો રથ જેમ,
તમારો રથ હાંકીશ તેમ."

દાદા ખાચર અને કુંવરબાઈ બંનેની સંમતિ મળી ગઈ. એટલે જે ભક્ત દર્શન કરવા આવે એને મહારાજ પૂછે કે હે ભાઈઓ દાદા ખાચર માટે કોઈ કન્યા ખરી ? એવામાં કાળુવાવડિયા દર્શન કરવા આવ્યા. કાળુવાવડિયાને મહારાજ પૂછે છે કે દાદા ખાચર માટે કોઈ કન્યા ખરી ? કાળુવાવડિયા વિચાર કરીને કહે છે કે હા, મહારાજ દાદા ખાચર જોગ કન્યા છે ? ત્યાં તો મહારાજ હર્ષ ઘેલા થઈ કહે કોણ છે એ કન્યા ? જલ્દી બતાવો. કાળુવાવડિયા કહે છે કે હે મહારાજ

"ભટ્ટવદર નામે છે ગામ,
જાણી કન્યા કુંવારી તે ઠામ.
મહા મુક્ત તે જન તન ધારી,
જસુ નામે તે સદ્‌ગુણી સારી."

ત્યાં તો મહારાજ કહે તમે ભટ્ટવદર જલ્દી જાઓ . જો નાગપાળવરૂ હા કહે તો શ્રીફળ મોકલાવવાનું કહી દેજો. કાળુવાવડિયા ભટ્ટવદર આવ્યા અને બધી વાત નાગપાળ વરુને કહી. નાગપાળવરુ તો હર્ષ ઘેલા થઈ ગયા. કહે આના જેવું માગું મારી દીકરીને બીજે ક્યાં મળવાનું ? નાગપાલવરુ એ તરત જ શ્રીફળ મોકલાવી દીધું. મહારાજે શ્રીફળનો સ્વીકાર કર્યો અને ઝડપથી જસુબા માટે ચૂંદડી નારીયેળ ભટ્ટ વદર મોકલાવ્યા. જસુબા તો ચૂંદડી આવતા જ હર્ષ ઘેલા થઈ ગયા. ચૂંદડીને એકદમ હૃદય પર દબાવી જસુબા મહારાજનું ધ્યાન કરવા લાગ્યા. મહારાજે તો ઝડપથી લગ્ન જોવરાવીને ભટ્ટવદર મોકલ્યા છે. મહા સુદ વસંત પંચમીના લગ્ન આવ્યા. મહારાજ તો બધી તૈયારી ગઢપુરમાં પોતે જાતે જ કરવા લાગ્યા છે. જેમ દીકરાના લગ્ન થતા હોય એમાં બાપ ને કેટલો હરખ હોય ? એમ મહારાજ પણ સર્વેને કામ ચીંધી રહ્યા છે. જાનની તૈયારી કરવા લાગ્યા છે. મહારાજ તો બળદ ગાડું જોડીને દાદા ને કહે છે. દાદા તમે રથમાં બેસો. દાદા કહે છે કે મહારાજ પહેલા આપ બિરાજમાન થાઓ. મહારાજ કહે છે કે દાદા લગ્ન તમારુ છે. હું તો તમારો સારથી છું. આવું મહારાજ દાદાને કહી રહ્યા છે. પછી મહારાજ સર્વે સંતો ને કહે છે કે આવી જાઓ દાદાના રથમાં. સંતો પણ દાદાની જાનમાં રથમાં બેઠા છે. મહારાજ રથ ચલાવી ભટ્ટવદર પહોંચી બંદૂકો ના ભડાકા કરાવ્યા. ભટ્ટવદર પાદરમાં બધાને ખબર પડી કે જસુબાની જાન આવી લાગે છે.

પાદરમાં જસુબાની જાન આવી પહોંચી. નાગપાલ વરુ પણ જાનને મળવા આવ્યા છે. મહારાજ નાગપાળ વરુને પૂછે છે કે લગ્નની તૈયારી બરાબર છે કરી છે. ને. નાગપાળ વરુ કહે બધી તૈયારી બરાબર છે. પણ પાણીની તકલીફ છે. મહારાજ કહે છે કે તમે ચિંતા ન કરો. ચાલો મારી જોડે,

એમ કહી મહારાજ સમુદ્ર કાંઠે આવ્યાં. સમુદ્રના કિનારે ઠુમકિયારી સોટીથી ગોળ કૂંડાળા કર્યા. પછી મહારાજે કીધું કે અહીં વિરડા ખોદો. નાગપાલ વરુએ વિરડા ખોદાવ્યા ત્યાંતો મીઠા અમૃત જેવા પાણી નીકળ્યા. આવું આશ્ચર્ય જોઈને નાગપાલ વરુ પણ મહારાજના પગમાં પડી કંઠી બંધાવી સત્સંગી થયા. આ લટકાળો લહેરી એક વખત નીલકંઠવર્ણી રૂપે ભટ્ટવદરના પાદરમાંથી નીકળ્યા હતા. ત્યાં નાની નાની દીકરીઓ પાદરમાં રમતી હતી. ત્યાં નીલકંઠવર્ણીએ કહ્યું, "હમકો કોઈ ખાના ખિલાયેગા" ત્યારે જસુબાએ દોડતા ઘરે જઈને ભાત લાવી નીલકંઠ વર્ણીને જમાડ્યા હતા. કોઈનો ભાર ન રાખે મોરારી, આપે વ્યાજ સહિત ગિરધારી.

આ બાજુ જાનને વાર થતા જસુબા મહારાજને પ્રાર્થના કરે છે.

"વાલા તમારી વાટડી, જી રે જોવું ધર્મકુમાર જોવું
રસિયા ધર્મકુમાર જોવું, વહેલા આવો ગઢપુરથી
ઓસરીયે ઊભી એકલી, જી રે રસીયા ધર્મકુમાર
રસિયા ધર્મકુમાર, વેલા આવો ગઢપુરથી."

જસુબા આવી રીતે પ્રાર્થના કરે છે. ત્યાં તો મહારાજ જાન લઈને માંડવે આવી ગયા. દાદાખાચરને માંડવે બેસાડ્યા. જસુબા પણ સોળે શણગાર સજીને માયરામાં હાજર થયાં છે. મહારાજે પોતાની હાજરીમાં પાસે બેસીને જસુબા અને દાદાના લગ્ન કરાવ્યા. ધામધૂમથી લગ્ન પૂરા થયા પછી દાદા ખાચર અને જસુબા મહારાજના પગમાં પડ્યા ત્યારે મહારાજે દાદા ખાચરને સોનાનો દોરો આપ્યો અને જસુબાને કિંમતી જરિયાની સાડી આપી. જસુબાએ પણ મહારાજ પાસે વર માગ્યો.

મારી અવિચળ ચૂડીને રાખજો
મારી ચૂડીનો ભંગ ન થાય
માગું વર નાથજી.
અભય વંશને સુખી રાખજો
પ્રભુ આપજો પુત્રને જોડ
માગુ વર નાથજી

લગ્ન પુરા થતા નાગપાળવરુ આગળ મહારાજે જાનની વિદાય માંગી. નાગપાળવરુએ પણ આનંદ અને ઉત્સાહથી જસુબાને વિદાય આપી. મહારાજ જાન લઈ ગઢપુર આવીને જસુબાને ખોળો ભરીને સોપારી આપી. જસુબાએ એ સોપારીને સાચવી રાખી. સમય જતા દાદા ખાચરને ત્યાં બે દીકરાનો જન્મ થયો. એકનું નામ માવા ખાચર અને બીજાનું નામ અમરા ખાચર પાડ્યું. બંને ભાઈ મોટા થતા જ જસુબાએ સોપારીના ભાગલા પાડી દીધા. ત્યારથી એમના પરિવારમાં સોપારીના ભાગલા પડતા આવ્યા છે. જુઓ ભક્તો જસુબાએ મહારાજને એકવાર ભાત જમાડ્યાં તો મહારાજે જસુબા ઉપર કેવી દયા કરી ? તો આપણે સર્વે હરિભક્તોએ સૌ પ્રથમ મહારાજને જમાડીને પછી જમવું.

●

ગંગામાં

- આનંદીબેન વિષ્ણુભાઈ પટેલ (ગુલાબપુરા)

ભગવાન સ્વામિનારાયણ ગંગામાને "મા" કહીને બોલાવતા. તેઓ જેતલપુરના વિસનગરી નાગર બ્રાહ્મણ હતા. ગંગામાં કડક નિયમવાળા અને તપસ્વી વિધવા બાઈ હતા. તેમનું પિયર નારદીપુર હતું. યજ્ઞમાં નારદીપુરના નાના ભાઈને યજમાન બનાવેલા તેથી એમ મનાય છે કે તેઓ ગંગામાના ભાઈ હશે. ગંગામાને એક દીકરી હતા. તેઓ રામાનંદ સ્વામીના અનન્ય શિષ્ય હતા. પોતાના વિશાળ ઘરનો એક ભાગ જુદો પાડી તેમાં રામાનંદ સ્વામીનું મંદિર બનાવી રાધાકૃષ્ણની મૂર્તિઓ જે અત્યારે હાલ શ્રી ઘનશ્યામ મહારાજના સિંહાસનની બાજુમાં જેતલપુરધામમાં પધરાવેલ છે તેની પૂજા કરતા હતા. રાધાકૃષ્ણદેવ ગંગામાની સેવાને વશ થઈ તમામ સેવાઓ પ્રત્યક્ષ સ્વીકારતા હતા. શ્રીજીમહારાજ જ્યારે નીલકંઠવર્ણી રૂપે આવ્યા હતા ત્યારે ત્રણ દિવસના ઉપવાસના અંતે નીલકંઠવર્ણીને જમાડ્યા હતા. ગંગામાને અતિથિ ને જમાડીને જમવાનું હંમેશાં નિયમ હતું. શ્રીહરિ હમેશાં એવો આગ્રહ રાખતા કે ગંગામાં જ્યારે એમ કહે કે, "બેટા જમ" ત્યારે પ્રભુ જમતા. શ્રીહરિ ગંગામાને હમેશાં "મા" કહીને બોલાવતા. તેઓ શ્રીહરિ માટે રસોઈ ખૂબ સરસ સ્વાદિષ્ટ બનાવતા. પ્રભુ જ્યારે જમવાનું માગે ત્યારે તુરત બનાવી આપતા. શ્રીહરિ જ્યાં જ્યાં જાય ત્યારે કહેતા કે ગંગામા જેવી રસોઈ બનાવતા તમને કોઈને આવડતી નથી. શ્રીહરિનો ગંગામાં પ્રત્યેનો માતૃપ્રેમ અજોડ હતો.

રામાનંદ સ્વામીના અંતરર્ધાન થયા પછી તેમના એક શિષ્યની જેમ ગંગામાને શ્રી સહજાનંદ સ્વામીમાં બંહુ પ્રતીતિ આવી નહોતી.... સ્વામી.... તે.... સ્વામી..... સ્વામી, તેમની ગાદી ઉપર બેઠેલા આ ઉછરતા બાલબ્રહ્મચારીનો શો પ્રભાવ પડશે ! તેવી તેમના મનમાં છાપ હતી.

શ્રીહરિ ગાદી ઉપર બેઠા પછી પ્રથમવાર જેતલપુર ધામમાં આવે છે. ગંગામાને સમાચાર મળ્યા પણ ઉત્સાહ ન હતો. કેવળ ઔપચારિક રીતે સ્વાગત કર્યું. ભગવાન અંતર્યામી જાણી ગયા. પ્રભુની ઈચ્છાથી મુક્તાનંદ સ્વામીની જેમ રામાનંદ સ્વામીએ ગંગામાને દર્શન આપી કહ્યું. સહજાનંદસ્વામી તો સર્વ અવતારના અવતારી છે. અક્ષરધામના અધિપતિ છે. હું... ઉદ્ધવ છું.

તેમની આજ્ઞાથી અગાઉ આવ્યો હતો. દિવ્યરૂપે રામાનંદ સ્વામીની વાણી સાંભળી ગંગામાને ખૂબ પસ્તાવો થયો. સહજાનંદ સ્વામી પ્રત્યે ભગવત ભાવનો જન્મ થયો, ઘરમાં આવી રામાનંદ સ્વામીને બેસવાનો ગાદી તકીયો કાઢી શ્રીહરિને બેસાડ્યા. પછી તો શ્રીહરિ પ્રત્યે પ્રેમ વિશે શું કહેવું ? પતિનો પુત્ર જેમ રાજા બને અને માતા હર્ષઘેલી બને તેમ ગંગામાના જીવનમાં હર્ષ દિન પ્રતિદિન વૃદ્ધિ પામતો ગયો. શ્રીહરિ ને જેતલપુર આવતા મહિનો વિતે તો મૂર્છા આવી જતી. ગંગામાના પ્રેમને વશ થઈ શ્રીહરિ જેતલપુરમાં અવાર-નવાર પધારતા હતા.

જેતલપુરમાં મોટું મંદિર કરવાની ઈચ્છાથી નાના સંતો દ્વારા ગંગામાનું ઘર પાડી નાખ્યું. આ દ્રશ્ય જોઈ ગંગામાં શ્રીહરિ અને સંતોને ગાળો દેવા લાગ્યા. માણસો ભેગા થઈ ગયા. ગામમાં શ્રીહરિનો દ્વેષી બાવો હતો. તે ગંગામાને કહેવા લાગ્યો ચલો મૈયા સરકાર સે અરજ કરે ઔર સ્વામિનારાયણ કો કેદ કરાદે. આ સાંભળી ગંગામાં હાથમા મોટી ઈંટ લઈ બાવાને મારવા દોડ્યાં. મારા પિટ્યા મારા સાધુ અને ભગવાન ને હું ગમે તેમ વઢું તેમાં તું શા માટે વચ્ચે ડહાપણ કરવા આવે છે ?

બાવો તો જીવ લઈને નાઠો.

આ પ્રસંગ પરથી જાણવા મળે છે કે ગંગામાને શ્રીહરિ અને સંતો પ્રત્યે કેટલો પ્રેમ હશે ! કવિઓ, લેખકો, કથાકારો એ જ્યારે ગંગામાના પ્રેમને માપવા પોતાના ગજ લગાવ્યા પણ બધાના ગજ ટૂંકા પડ્યા છે. જેતલપુરમાં સત્સંગ કરાવવામાં ગંગામાનો મોટો ફાળો હતો. લોકોના મનમાંથી વહેમ વમળ શંકાઓ દૂર કરી ભગવાનનો નિશ્ચય કરાવવા માટે તેઓ હંમેશા તત્પર રહેતાં. શ્રીજી મહારાજ જ્યારે જ્યારે યજ્ઞ કરતા ત્યારે યજ્ઞના રસોડાનું સુકાન ગંગામાં સંભાળતા. હાલ પણ ગંગામાનું ઘર ગામમાં મોજુદ છે. જે હંમેશાં ગંગામાને ભગવાન અને સંતોના પ્રેમ પ્રતિકતણાની યાદ અપાવે છે.

●

સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીનો જીવન પ્રસંગ

- કાનાણી પુરીબેન ભગવાનભાઈ (ખારવા)

એક દિવસ મહારાજ સભામાં બિરાજ્યા હતા ને ઉદાસ થઈને કોઈને બોલાવે પણ નહીં. તેથી સૌ સંતો તથા કાઠી સર્વે ઉદાસ થઈને બેસી રહ્યાં. બ્રહ્માનંદ સ્વામી તથા સુરો ખાચર ઘણી ટીખળ (રમૂજ) કરે પણ મહારાજ હશે નહીં. પછી બ્રહ્માનંદ સ્વામીએ પોતાને ઉતારે જઈને વેરાગણ (બાવી)નો વેશ લીધો ને ધોતીઆને ઘાઘરાના જેવી કડચલી પાડીને પહેર્યું. અને અંદર ગાતડી માથે સાડીના ઓઢણા જેમ ભગવું ઓઢ્યું ને થોડીક લાજ કાઢી કરના લટકા કરતા જાય અને મહારાજના સામું જોતાં જોતાં બાઈઓની સભા ભણી ગયા. એથી એ વેરાગણ બાવીને આવતી જોઈને મોટીબા જીવુબા, રાજબા આદિ બાઈઓ ઉભા થઈને આ કોણ છે ? કોણ છે ? અમને અભડાવશે ? તેમ બકોર કરવા લાગ્યા, ત્યારે સ્વામી ત્યાંથી પાછા વળ્યા અને સાધુઓની સભા ભણી આવવા લાગ્યા ત્યારે સર્વે સંતો ઉભા થઈ ગયા અને કહે કે કોણ છે આ ? અહીંથી કાઢી મેલો અમને ઉપવાસ પડાવશે. એવો શોર-બકોર સાંભળીને સ્વામી બાઈઓના ભણી જાય અને વળી પાછા સાધુ ભણી આવે. એમ આવ જાવ કરવા લાગતા ઘણોક શોર બકોર થયો. ત્યારે મહારાજે બ્રહ્માનંદ સ્વામીને ઓળખી લઈ ઘણુંક હસવા લાગ્યા અને કહેવા લાગ્યા કે ઠકરાણા એકલા કેમ છો ? ત્યારે સ્વામી કહે કે ઠાકરડો રિસાઈ ને બેઠો છે. તેથી એકલા છીએ. આ સાંભળી મહારાજ તથા સંતો-હરિભક્તો બાઈ, ભાઈ, સર્વે ખડખડાટ હસવા લાગ્યા. એમ કરીને શ્રીજી મહારાજની ઉદાસી મટાડી. આવા નિજાનંદી અને ઠીખળી હતા બ્રહ્માનંદ સ્વામી.

●

દગો કોઇનો સગો નહિ

- ગીતાબેન લીલાધરભાઈ પિત્રોડા (જેરાવરનગર)

એક વખત મહાદેવભાઈ બહારગામ જઈ રહ્યા હતા. તે સાધારણ ઘરના ઈમાનદાર માણસ હતા. બહારગામ જતા રસ્તામાં એક ઘરડાં માજીને બેભાન અવસ્થામાં પડેલા જોયા. એટલે માજીને તડકેથી છાયામાં સૂવાડ્યા અને તેમની પાસે પાણી હતું તેમાંથી પાણી પાયું. ઘણીવાર સુધી પવન નાખ્યો. એટલામા તો માજી આંખ ઉઘાડી બેઠા થયા. માજી કહેવા લાગ્યા કે ભાઈ તું તો દયાળુ અને સજ્જન માણસ છે. પૈસાવાળા લોકો તો બીજાના દુઃખદર્દ જોતા નથી. પણ તેં મને જીવાડી માટે હું તને કંઈક આપવા માંગુ છું. મારી પાસે એક વીટીં છે, તે વીંટી પાસે જે માગીએ તે આપશે. પણ તેનો ખ્યાલ રાખજે કે તે એક વખત જ આપશે. પણ તને જ્યારે ખૂબ જરૂર પડે ત્યારે એકવાર માગવું. આ વીંટી વિશે આવું સાંભળતા મહાદેવભાઈ આનંદમાં આવી ગયા. અને હર્ષભેર ઘેર ગયા. વીંટી તો પટારામાં મૂકી પછી તે પોતાના મિત્ર સોનીના ઘેર બેસવા ગયા ને વીંટી વિશેની બધી વાત કરી. ત્યાં તો સોનીનું મન વીંટીમાં લલચાયું. વીંટી લઈ લેવાની લાલચ લાગી. તેણે યુક્તિ કરીને પોતાની સ્ત્રી માટે વીંટી બનાવવી છે તેમ કહીને પેલા પાસેથી વીંટી માગી. પેલાએ આપી. રાત્રે બધા સૂઈ ગયા પછી સોનીએ વીંટી પાસે માગ્યું કે "મારા ઘરમાં સુવર્ણ વરસો". એટલે સુવર્ણનો વરસાદ વરસ્યો પણ સોનીએ માપથી સોનું નહોતું માગ્યું. તેથી સુવર્ણનો વરસાદ થયો. સોનું એટલું બધું પડ્યું કે સોની નીચે દબાઈને મરી ગયો. પછી તો મહાદેવભાઈને આ વાતની ખબર પડી એટલે તે મિત્રને મળવા માટે તેના

ઘેર ગયા. સોનીની આ દશા જોઈને મહાદેવભાઈ ઘેર જઈને તેની સ્ત્રીને કહેવા લાગ્યા કે હવેથી આપણે ઉદ્યમ કરીને જ ખાઈશું. આમ, મહેનત કરીને મહાદેવભાઈ પૈસાદાર થયા ને ખૂબ સુખી થયા.

આવો નાનો સરખો દગો પણ વિનાશને નોતરે છે. મહેનતથી મળેલ ધન સુખ આપે છે. મફતનું મેળવેલ ધન મળવાથી દુઃખી થવું પડે છે. માટે, મહેનત વગરની મહત્વાકાંક્ષા રાખવી નકામી છે. જો આપણે સંત સમાગમ કરીએ તો સદ્‌ગુણ અને સંસ્કાર સારા આવે છે. માટે સંતના આશીર્વાદ આપણને મળે અને કૃપા દૃષ્ટિ થાય તો આપણો આત્મા નિર્મળ બને છે ને મનની શુદ્ધિ થાય છે. અને હરામનું લેવાની ઈચ્છા થતી નથી.

●

ભક્તરાજ હરજી ઠક્કર

- ભગવતીબેન કાંતિલાલ સોની (પાટણ)

'ભાઈ મનજી, આ સંતો કહે છે કે સ્વામિનારાયણ ખુદા ભગવાન છે પણ એમ થોડું માની લેવાય.' હરજીએ કહ્યું. ગાંગજી કહે : "હરજીની વાત સાચી છે. એક કામ કરીએ. ભગવાન તો અંતર્યામી છે. આપણી મા એ આપણને ભગવાન શોધવા મોકલ્યા ત્યારે જ કહેલું ને કે ખુદા અંતર્યામી હોય. માટે આપણે તેની પાસે જતા પહેલાં સંકલ્પ કરીએ તે જો સાચો પડે તો ભગવાન ખરા !"

ખોજા પરિવારના પાંચેય ભાઈઓએ સંકલ્પ કર્યો. મૂળ ગોહિલવાડમાં એક ખોજા શેઠ ભાયા ઠક્કરનું કુટુંબ રહે. સંસ્કારી, ધાર્મિકવૃત્તિવાળા આ શેઠને પાંચ પુત્રો હતા. સૌ રોજ પાંચ વાર નમાજ પઢતા. પિતાના મૃત્યુ બાદ સંસ્કાર આપવાનું કાર્ય શેઠના પત્ની જાબનાઈ બહુજ તકેદારીથી કરતા. એકવાર રાત્રે વિચાર આવ્યો કે ખુદાના બહેસ્ત (સ્વર્ગ)ની વાતો સાંભળી પણ ત્યાં જવાનો રસ્તો તેનો ઉપાય ક્યો ? ખુદાતાલાની ભાળ કેવી રીતે અને ક્યાં ને કોના દ્વારા મળે ? આ વિચારમાં રાત્રે ઉંઘ પણ ન આવી.

સવારે ઉઠ્યા, દીકરાઓ યુવાન પણ સંસ્કારી તેથી દરરોજ નિત્ય કર્મ કરી માને દીદાર કરી, તેમને સલામ પ્રણામ કરી કામે જાય. આજે માને ઉદાસ જોયા અને રાત્રે સૂતા નથી તેવું દેખાતા જ પૂછયું.

મા કહે, 'બેટાઓ બીજી કોઈ ચિંતા નથી. તમે પાંચેય આપણા કુટુમ્બની લાજ રાખો તેવા છો, વળી કહ્યાગરા છો. સંસ્કારી છો પછી મારે શેની ચિંતા ? પણ .....'

'પણ શું મા ? જે કાંઈ હોય તે નિઃસંકોચ પણે કહી દો.' મોટા દીકરા ગાંગજીએ કહ્યું. મા કહે, 'બેટા, એવું નથી, પણ મને વિચાર આવ્યા કરે છે કે ખુદાતાલા મળ્યા વિના કે એમની જાન પહેચાન વિના ખુદાના દરબારમાં આપણે કેવી રીતે જઈ શકીશું ?' ધનજી કહે, 'પણ મા, એની પહેચાન કરવા અમારે શું કરવું તે બોલો. અમે તૈયાર છીએ. મા ના અંતરની વ્યથા દૂર કરવા મોટો કહે, 'મા, અમને આજ્ઞા આપો અમે પાંચેય ભાઈઓ ખુદાને ખોળી લાવીશું. તમે દુઆ આપો.' આજ્ઞા લઈ સૌ ઘોડે ચડ્યા, પણ જવું ક્યાં ? લગામ છોડી દઈ જ્યાં જવું જોઈએ ત્યાં જવા નીકળ્યા. અંતે દરિયો આવ્યો હવે ક્યાં જવું. ઉદાસ થઈ એક બાજુ બેઠા.

ધગશ હતી, સાચી તમન્ના હતી. અને ઈચ્છા હતી.... એજ વખતે સંતો ત્યાંથી પસાર થયા. પાંચેય યુવાનોને ઉદાસ જોઈ પરોપકારી સંતો તેમની પાસે ગયા. એકબીજાને નમસ્કાર કર્યા, વાત કરી સંતો ખૂબ રાજી થયા. જાણ્યું કે પૂર્વના કોઈ મુમુક્ષુ જીવો છે.

સંતો કહે, 'ભાઈઓ અમે ખુદાના સંતો છીએ, અમને ખુદા મળ્યા છે. અને હાલમાં ખુદા પૃથ્વી ઉપર હાલતા ચાલતા બોલતા ફરે છે. આમ કહી મહારાજના ઐશ્વર્ય પ્રતાપની વાતો કરી અને કહ્યું ચાલો ગઢડા અને દર્શન કરી ખાત્રી કરો.'

ખોજા ભાઈઓ રાજી થયા અને સંતોની પાછળ ચાલવા લાગ્યા. રસ્તામાં વિચાર કર્યો કે ખુદા છે એની ખાત્રી કેમ કરવી ?

એ તો આપણને ઓળખતા નથી, પણ જો સ્વામિનારાયણ ભગવાન ખુદા હોય તો આપણાં નામ લઈને બોલાવે, વળી પગથી માથાં સુધી સફેદ વસ્ત્રો પહેર્યા હોય, ગળામાં ગુલાબનો હાર હોય, હાથમાં તસ્બી (માળા) ફેરવતા હોય, ઢોલિયા ઉપર બેઠા હોય. એવા દિદાર (દર્શન) દે તો માનવું કે ખુદાતાલા છે. આ પ્રમાણે પાંચેય ભાઈઓએ મનોમન સંકલ્પ કર્યા.

ગઢડા દાદા ખાચરના દરબારમાં પધાર્યા, લીલુંડા લીંબડા નીચે અંતર્યામી બિરાજમાન છે. દેશ દેશના ભક્તો, સંતો સામે બેઠા છે. કીર્તન ભક્તિ થાય છે. મહારાજના હાથમાં માળા છે. ત્યાં ખોજા પરિવાર આવ્યો. દૂરથી જોયું તો પોતાના સંકલ્પ પ્રમાણે મહારાજ ઢોલિયા ઉપર બેઠા છે. સફેદ વસ્ત્રો ધારણ કર્યા છે. હાથમાં માળા ફેરવે છે. ગળામાં ગુલાબનો હાર છે. જાણ્યું કે ખુદાતો લાગે છે ! પણ આપણા નામ દઈને બોલાવે તો ખરા ! ત્યાં જ મહારાજ બોલ્યા, 'આવો આવો ભાયા શેઠના પુત્રો ! સારૂ થયું તમે આવ્યા. આવો ગાંગજી ઠક્કર, આવો ભીમજી ઠક્કર, આવો ધનજી ઠક્કર આવો મનજી ઠક્કર, હરજી ઠક્કર સૌ અહીં નજીક બેસો.

આ પ્રમાણે તમામ સંકલ્પો સિધ્ધ થતાં હર્ષાશ્રુ સાથે મહારાજના પગમાં પડ્યા. હવે પાકો નિશ્ચય થયો કે આ ભગવાન સાચા. પોતાની બધી વાત કરી અને કહ્યું. પ્રભુ ! અમારે ગામ પધારોને અમારી માતાને દર્શન દો. મહારાજ કહે, 'હમણાં સમય નથી પણ માને અહીં તેડી લાવો.'

'ભલે પ્રભુ જેવી આપની ઈચ્છા'. એમ કહી પાંચ દિવસ રોકાયાને રજા લઈ ઘેર ગયા. પોતાને ગામ આવ્યા ત્યાં તો મા ને દોડતા સામે આવતાં જોયા. ભાઈઓ હેબતાઈ ગયા. નવાઈ લાગી કે આ શું ? ખાનદાન કુટુમ્બની ડોશી આમ કેમ ? માં ગાંડી થઈ કે શું ? ત્યાં જાનબાઈ બોલ્યા કે, 'દીકરાઓ ગભરાશો નહિ.' તમને ખુદાતાલા મળ્યા અને તમે તે ગામ છોડ્યું તેની સાથે તેમણે મારી દૃષ્ટિ નિરાવરણ કરી દીધી છે. તેમણે આજે આવા વસ્ત્રો પહેર્યા છે, અહીં બેઠા છે, બધુંજ મને દેખાય છે. તમે તો મને ધન્ય કરી દીધી. જલ્દી ઘેર ચાલો અને તૈયારી કરો. એ ખુદાના પ્રત્યક્ષ દર્શન કરવા માટે તેમની દુઆ લેવી છે. તેમના ચરણ ચૂમવા છે. માં બોલતી રહી. ભાઈઓ આશ્ચર્ય પામ્યા. ઘેર આવી સૌ વહેલા ગઢડે આવ્યા.

તેમાંથી બે ભાઈઓ હરજી ઠક્કર અને મનજી ઠક્કર ગઢડામાં કારભારી તરીકે મહારાજની આજ્ઞાથી સેવામાં રહ્યાં. હાલ પણ ગઢડામાં હરજી ઠક્કરની ડેલી છે. તેમાં સાંખ્યયોગી બહેનોના ઓરડા છે.

ભક્તો આપણે તો ભગવાન ખોળવા જવું પડે તેમ નથી. આપણા વડીલોના આશીર્વાદથી મહારાજને, નરનારાયણદેવને ઓળખી લીધા છે તો સદાય એમના થઈ નિયમ, નિશ્ચય ને પક્ષ રાખીશું તો શ્રીજી મહારાજ, પ.પૂ. મહારાજશ્રી તેમજ લક્ષ્મીસ્વરૂપ પૂજ્ય ગાદીવાળાશ્રીનો આપણી ઉપર સદાય રાજીપો ને આશીર્વાદ રહેશે.

●

પૂજ્ય ભક્તિમાતા

- શ્રી નરનારાયણદેવ યુવતી મંડળ (લંડન-યુ.કે.)

પૂજ્ય ભક્તિમાતા આપણા ઈષ્ટદેવ સર્વોપરિ ઘનશ્યામ મહારાજના માતુશ્રી છે. કોશલદેશ (ઉત્તરપ્રદેશ)માં મખોડા ઘાટ આવેલ છે અને આ મખોડા ઘાટની ઉત્તર દિશાએ નાનકડું ગામ છપૈયા ગામ આવેલું છે. કારતક સુદ પૂનમ સંવત ૧૭૯૮ ના બુધવારના રોજ ભક્તિમાતાનો જન્મ છપૈયામાં થયો. શ્રીકૃષ્ણ શર્મા અને ભવાની માતા તેમના માતાપિતા હતા.

ભક્તિમાતાના જન્મ સાથે જ છપૈયાવાસીઓને દૈવી વિચારો આવવા લાગ્યા. તેમને ભજન અને ભક્તિનો રંગ લાગ્યો અને તેઓ પોતાના ઘરમાં ઉત્સવનું આયોજન કરવા લાગ્યા. ભક્તિમાતાના જન્મના દિવસથી જ શ્રીકૃષ્ણ શર્માના ઘરમાં તમામ પ્રકારની સમૃદ્ધિમાં વૃદ્ધિ થવા લાગી. ભક્તિમાતા સદાય ઈશ્વરની ભક્તિમાં લીન રહેતા અને તેથી જ છપૈયાવાસીઓ તેમના તરફ અહોભાવથી જોતા. ધીમે-ધીમે તેઓ તેને 'ભક્તિ' ના નામથી બોલાવવા લાગ્યા.

ભક્તિના વિવાહનો પ્રસ્તાવ લઈને આવેલ વિદ્વાન બ્રાહ્મણ અને પ્રખર જ્યોતિષી પણ 'ભક્તિ' નામ સાંભળતાં જ આશ્ચર્યચક્તિ થઈ ગયા. 'ભક્તિ' ! કેવું સુંદર નામ..... સુંદર અને પવિત્ર ગંગા જેવું. કેવું દિવ્ય તેજ ! આવા તેજોમય વ્યક્તિત્વને શત શત વંદના, ત્યારબાદ જ્યોતિષીએ શ્રીકૃષ્ણ શર્માને જણાવ્યું કે તેમના પુત્રી તો સાક્ષાત્ ભક્તિનો જ અવતાર છે. અને ભક્તિના સામર્થ્ય આગળ તો સ્વયં ઈશ્વર પણ ઝુકી જાય છે. ભક્તિમાતાના વિવાહ દેવ શર્મા (ધર્મદેવ) સાથે થયા હતા. જેઓ પછીથી તેમની સાથે છપૈયામાં રહ્યાં.

તેમના જીવન દરમ્યાન ખાસ કરીને પ્રથમ પુત્ર શ્રી રામપ્રતાપજીના જન્મ બાદ, બંન્ને પતિ-પત્નિ ધર્મદેવ-ભક્તિમાતાએ અસુરોનો ત્રાસ જેવી અનેક મુશ્કેલીઓ વેઠી હતી. તેમને છપૈયાથી અયોધ્યા સ્થળાંતર કરવું પડ્યું. આમ શાંતિ અને સંવાદિતતા જાળવવા માટે તેમણે પોતાના વતનથી દૂર જવું પડ્યું. ભક્તિમાતાએ પોતાનો સંસાર અને કુટુંબ સંગઠીત રાખ્યા. તેઓ હંમેશાં સૌ પ્રથમ પુત્ર રામપ્રતાપજી અને પતિ ધર્મદેવને જમાડતા અને પોતે સૌથી છેલ્લે જમતા. આવા ખૂબજ સંઘર્ષમય સમયમાં પણ શ્રી ભક્તિમાતાએ ખૂબજ ધીરજ અને મન ઉપર સંયમ રાખ્યો અને પોતે સદાય પતિ શ્રી ધર્મદેવની ઈચ્છા-મર્યાદામાં રહેતા. ભક્તિમાતા એક પતિવ્રતા ચારિત્ર્યવાન અને નિર્દોષ નારીનું વ્યક્તિત્વ ધરાવતા હતા.

જ્યારે શ્રી ઘનશ્યામ મહારાજનો જન્મ થવાનો હતો ત્યારે ભક્તિમાતાનું શરીર આધ્યાત્મિક અને દિવ્ય બની ગયું હતું. અને જીવનના તમામ સંઘર્ષો અદ્રશ્ય થઈ ગયા હતા. ધર્મદેવ અને ભક્તિમાતા ફરી છપૈયા પાછા આવ્યા અને સુખી તેમજ શાંત જીવન ભક્તિ અને શ્રધ્ધાપૂર્વક પસાર કરવા લાગ્યા. શ્રી ઘનશ્યામ મહારાજનો જન્મ વિક્રમ સંવત ૧૮૩૭ ચૈત્ર સુદ નોમ (રામ નવમી)ના પવિત્ર દિવસે રાત્રે ૧૦-૧૦ વાગ્યે થયો હતો. નાનકડા બાળકના મુખારવિંદની ફરતી રહેલી દિવ્ય આભામય તેજસ્વિતા એ બાબતનું સૂચક હતું કે આ બાળક એ સ્વયં પરમકૃપાળુ પરમાત્માં જ છે.

એક દિવસ ભક્તિમાતા નાના બાળ ઘનશ્યામને પોતાના ખોળામાં લઈ દૂધપાન કરાવી રહ્યા હતા એ સમયે નાનકડા ઘનશ્યામને બગાસું આવતા, તેમણે પોતાનું કોમળ ફૂલ જેવું મુખ ઉઘાડતા ભક્તિમાતાને તેમાં સમગ્ર બ્રહ્માંડ, ચૌદ લોક, બ્રહ્મા, વિષ્ણુ મહેશ, ઈન્દ્ર, સૂર્ય સહિત તમામ-તારાઓ ચંદ્ર અને સાત સમુદ્રોના દર્શન થયા. ભક્તિમાતાના આનંદની કોઈ સીમા ન હતી. આંખોમાંથી વહેતી હર્ષની અશ્રુધારા સાથે ભક્તિમાતાએ નાનકડા ઘનશ્યામને એકદમ પોતાની ગોદમાં લઈ લીધા અને તેમના પર સ્નેહનો વરસાદ વરસાવી દીધો.

પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)

પ્રશ્ન : ૧ ક્યા શાસ્ત્ર ન માનવા અને ક્યા શાસ્ત્ર ન સાંભળવા તે શિક્ષાપત્રીમાં ક્યા શ્લોકમાં છે ?

પ્રશ્ન : ૨ સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીને આજ ભગવાન છે. તેની પ્રતિતી પ્રથમ દર્શને જ થઈ જાય છે. અને આ રમ્ય ક્ષણોમાં વ્યાપેલ ધન્યતા તો ભાવ શબ્દ સરિતા રૂપે વહેવા લાગે છે. બ્રહ્માનંદ સ્વામી અને શ્રીજી મહારાજના પ્રથમ મિલનની ધન્ય ઘડીનું વર્ણન સ્વામીના શીઘ્ર કવિત્વ શક્તિનો પરિચય ક્યા કીર્તનથી કરાવી જાય છે ?

પ્રશ્ન : ૩ ગધેડામાંથી ગાય બનાવી, જે મોંઢામાંથી ગાળોનો વરસાદ વરસતો તે મોઢું પ્રભુના નામનો અવિરત જાપ જપવા માંડ્યો. હાથમાં તલવારના બદલે માળા ફરવા લાગી. તે ભક્ત કોણ હતા ?

પ્રશ્ન : ૪ કૃષ્ણ શર્મા ને તેની ભાર્યા થકી કેટલા પુત્ર અને પુત્રીનો જન્મ થયો હતો ?

પ્રશ્ન : ૫ ધર્મદેવ બાલ પ્રભુ શ્રી ઘનશ્યામનું ચૌલકર્મ ક્યારે, ક્યા પક્ષમાં, ક્યા નક્ષત્રમાં અને ક્યા વારે કરાવ્યું ?

પ્રશ્ન : ૬ સર્વમંગલ સ્ત્રોત્રમાં કેટલા શ્લોક અને કેટલા નામ તેમજ ગ્રંથ કર્તા કોણ છે ?

પ્રશ્ન : ૭ "મને સ્વપ્ને ન ગમે રે સંસાર કોને કેમ કીજીએ રે." આ ઉપદેશાત્મક ઉક્તિ કોને કહી છે ?

ફેબ્રુઆરી-૨૦૦૯ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો

(૧) તેજ સ્વતના પુત્ર. (૨) નરનારાયણદેવ પોતાના ભક્તો માટે મુમુક્ષુઓ માટે તપ કરે છે. (૩) શ્રીજી મહારાજે ચરણ ખેંચી લીધા. પલાંઠી વાળી દીધી. (૪) મુક્તાનંદ સ્વામી. (૫) અજો રબારી. (૬) નિષ્કુળાનંદ સ્વામી. (૭) વૈદ્યરાજ હેમરાજ શાહ

૧. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૨. સાં. શિલ્પાબા શિતલબા (સુરેન્દ્રનગર
૩. કંચનબેન બાબુભાઈ પટેલ (રતનપર)
૪. વિનોદભાઈ પૂંજાભાઈ પટેલ (વહેલાલ)
૫. વીણાબેન આર. ભાવસાર (અમદાવાદ)
૬. અરવિંદાબેન એન. ભાવસાર (અમદાવાદ)
૭. સાં. મંજુબા, સાં. ભારતીબા (હવેલી)
૮. અમૃતલાલ ક. મોદી (સોજા)
૯. ગોરધનભાઈ એસ. પટેલ (સોજા)
૧૦. હસુબેન કે. ઠક્કર (ઈસનપુર)
૧૧. ગંગાબેન ભક્તિભાઈ પટેલ (ઝુલાસણ)
૧૨. ગીતાબેન પ્રવિણભાઈ પટેલ (રાજપુર)
૧૩. ભક્તિભાઈ ભોળાભાઈ પટેલ (રાણીપ)
૧૪. દક્ષાબેન ઘનશ્યામભાઈ સોની (અમદાવાદ)
